**સુવિચાર**

''પાત્ર મળવું જરૂરી નથી, પાત્ર વિશ્વાસપાત્ર મળવું જરૂરી છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૮/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ
PENDAWALA
બટેકા મરી મસાલા સેવ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૨૧૩


## બંધ સ્ટ્રીટલાઈટ, ગંદકી, બિસ્માર માર્ગો, રખડતા પશુઓ સહિત અગણિત સમસ્યાઓ

# ભાઈ સા'બ : અમરેલી શહેરની દુર્દશા તો દૂર કરો

**શહેરનાં ચિતલ રોડ અને વરસડા રોડનાં કામમાં પણ દે ધનાધન થતી હોવાની ફરિયાદ**

**સુરક્ષાનાં તમામ નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો છતાં માર્ગ-મકાન વિભાગ ચુપ**

**વરસાદી માહોલમાં શહેરીજનોને જાહેરમાર્ગોથી લઈને અંતરિયાળ વિસ્તારમાં જવામાં પરેશાની**

**શહેરીજનોમાં અપાર ધીરજ શકિત હોવાથી જનપ્રતિનિધિઓ પણ સક્રીય થતાં નથી**



અમરેલી, તા. ૨૧

ગુજરાત રાજયનાં પ્રથમ મુખ્યમંત્રીસ્વ.જીવરાજમહેતાનીસ્વપ્ન નગરીઅનેજન્મભૂમિગણાતાંજિલ્લાનાં મુખ્યમથકઅમરેલીશહેરનીદોઢલાખ જનસંખ્યા જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતા અને વહીવટીતંત્રની બેદરકારીનાં કારણે વ્યાપક પ્રમાણમાં પરેશાની ભોગવી રહી હોય સુધરાઈ સભ્યથી લઈને સાંસદ કક્ષાનાં જનપ્રતિનિધિઓ કયાંય ગોત્યા જડતા નથી.

અમરેલી શહેરને દરરોજ પીવાનું પાણી મળતુ નથી તો શહેરનાં અનેક માર્ગો બિસ્માર બન્યા છે. ભૂગર્ભ ગટરનાં ઢાંકણા પડવાના વાંકે ઉભા છે, બંધસ્ટ્રીટલાઈટનીસમસ્યાવિકરાળબની ચુકીછે, ગંદકી, જાહેર માર્ગઉપર દબાણ, રખડતાપશુઓજેવીસમસ્યાનુંપણકોઈ નિરાકરણ થતું નથી.


દરમિયાનમાંઅધુરામાંપુરૂ કરવું હોય તેમ શહેરનાં રાજમાર્ગો ગણાતાંચિતલરોડઅનેવરસડારોડને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ૪ બોટે જળસમાધિ લીધી અને ૧૧ ખલાસીઓ સંપર્ક વિહોણા હોય તે સમયે

# હાશકારો : જાફરાબાદમાં સંપર્ક વિહોણી થયેલ ''લક્ષ્મીપ્રસાદ'' અને ''ધન્વંતર'' નામની બોટ ખલાસી સાથે સલામત

**માચ્છીમાર એસોસીએશનનાં અગ્રણી કનૈયાલાલ સોલંકીએ જાણકારી આપી**



અમરેલી, તા. ૨૧

જાફરાબાદના દરિયામાં ભારે પવનના કારણે અનેક માચ્છીમાર બોટને દરિયામાંથી પરત ફરવા માટે મજબુર બન્યા છે. ત્યારે આ દરિયાઈતોફાનમાં કુલ ૪ બોટે જળ સમાધિ લેતાં અને ૧૧ જેટલાં જાફરાબાદના ખલાસીઓ અગાઉથી જ દરિયામાં લાપતા થયા હતા તેને શોધવા માટે સ્થાનિક લોકોની મદદથી ફિશરીઝ તંત્ર, કોસ્ટગાર્ડ તથા મરીન પોલીસ સહિતનું તંત્ર કામગીરી કરી રહયા છે. ત્યાં જ 'લક્ષ્મીપ્રસાદ' અને 'ધન્વંતર નામની બે બોટો સંપર્ક વિહોણી થઈ હતી અને તેમાં રહેલા વધુ ૮ ખલાસીઓ સંપર્ક

**અનુસંધાન પાના ૬ ઉપર**

# અમરેલીનાં પાદરનો ઠેબી ડેમ છલોછલ



અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી ડેમ ગઈ કાલે ઉપરવાસમાં પડેલ ભારે વરસાદથી છલોછલ થતાં ૧ દરવાજો ૧ ફૂટ ખોલવામાં આવતાં નયનશમ્ય દ્રશ્ય સર્જાયું હતું.

## રખડુ શ્વાનની સમસ્યાનુ નિરાકરણ જરૂરી

# બાબરામાં પરપ્રાંતિય પરિવારની 3 વર્ષની બાળકી ઉપર શ્વાને કર્યો હુમલો

**ઈજાગ્રસ્ત બાળકીને સારવારમાં ખસેડવામાં આવી**

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં રેઢિયાળ પશુ અને શેરીમાં ભટકતા શ્વાન દ્વારા અવાર નવાર માનવીઓ ઉપર હુમલાઓ કરી ઈજા કરતાં હોવાની ઘટના હવે સામાન્ય બની છે. ત્યારે શ્વાન દ્વારા બાળકો પર હુમલાની ઘટનાઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે બાબરા શહેરના વાંડલીયા રોડ પર રહેતા એક પરપ્રાંતિય પરિવારની એક ત્રણ વર્ષની બાળકી પર એક શ્વાને હુમલો કરી



ગંભીર રીતે ઘાયલ કરી દેતા તેમને પ્રથમ બાબરા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ બાબરા ગામે વાંડલીયા રોડ પર આવેલી એક વાડીમાં રહેતા એક પરપ્રાંતિય પરિવારની દિકરી હિરલ વિજયભાઈ બગેલ પોતાના ઘરના ફળિયામાં રમી રહી હતી. આ દરમિયાન અચાનક જ એક શ્વાને તેના પર હુમલો કરી દઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**


**જગ્યા ભાડે આપવાની છે**
અમરેલી શહેરના
કોર્પોરેટ પોશ એરીયા,
માણેકપરામાં
મુખ્યમાર્ગ પર
અંદાજે ૭૦૦ ફુટ,
ગ્રાઉન્ડફ્લોર
જગ્યા ભાડે આપવાની છે.
**દલાલભાઈઓ આવકાર્ય**
Mo.9426448278
Mo.9426421548

**શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ**
**શ્યામ કેટરર્સ**
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.8000086331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**
**દુકાન વેચવાની છે...**
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
'કળશ મોલ' ની બાજુમાં આવેલ
મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

# મંદીથી માટી તરફ : અમરેલીનાં રત્ન કલાકારો હીરાની ચમક છોડીને ખેતીમાં જોડાયા



અમરેલી જિલ્લો રત્ન કલાકારો માટે હંમેશાં મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. અહીંના હજારો કલાકારો સુરત અને અમદાવાદ જેવા મહાનગરોમાં જઈ હીરા ઘસવાનું કામ કરતા હતા. હીરાનો વ્યવસાય ગુજરાતની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે અને ખાસ કરીને સુરત વિશ્વભરમાં ડાયમંડ સિટી તરીકે ઓળખાય છે. પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક મંદી, યુદ્ધની પરિસ્થિતિ અને આયાત–નિર્યાત પર લાગતા ટેરિફ જેવા પરિબળોને કારણે હીરાના બજારમાં ભારે મંદી જોવા મળી છે. આ મંદીના કારણે હજારો રત્ન કલાકારો પોતાની નોકરી ગુમાવી બેઠા છે અથવા તો તેમને એટલો ઓછો પગાર મળતો રહ્યો કે ઘરખર્ચ ચલાવવો મુશ્કેલ બન્યો. સુરત અને અમદાવાદ જેવા મહાનગરોમાં રહેતા રત્ન કલાકારો સામે સૌથી મોટી મુશ્કેલી જીવનજરૂરી ખર્ચની હતી. શહેરોમાં ભાડું, દુકાનો–મકાનના ખર્ચ, બાળકોના શિક્ષણ ખર્ચ અને રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે સ્થિર આવક જરૂરી છે. પરંતુ મંદીના કારણે તેમને રોજગારીમાં સ્થિરતા નહોતી. અનેક કારખાનાઓ તાળાબંધ થઈ ગયા અને જે કારખાનાઓ ચાલુ રહ્યા તે પણ અડધી ક્ષમતા સાથે ચાલી રહ્યા છે. પરિણામે કલાકારોને ઓછો પગાર મળતો રહ્યો, ઘણા લોકો બેરોજગાર થયા અને પોતાની આવકના સ્ત્રોત ગુમાવી બેઠા. આ પરિસ્થિતિમાં અમરેલી જિલ્લાના રત્ન કલાકારો ધીમે ધીમે પોતાના વતન પરત ફરવા લાગ્યા. માદરે વતન પરત આવીને તેમણે પરંપરાગત ખેતીને પોતાની જીવનયાત્રાનો આધાર બનાવ્યો. સાવરકુંડલા તાલુકાના અભરામપરા ગામના રહેવાસી જનકભાઈ પડસાળાએ જણાવ્યું કે તેઓ લાંબા સમયથી સુરતમાં હીરાનો વ્યવસાય કરતા હતા. પરંતુ મંદી વધતાં પગાર એટલો ઓછો થયો કે પરિવાર ચલાવવો મુશ્કેલ બન્યો. અંતે તેમણે સુરત છોડીને વતનમાં પરત ફરવાનો નિર્ણય કર્યો. આજે તેઓ ત્રણ ભાઈઓ સાથે મળી ૧૦ વીઘા જમીનમાં મગફળી અને કપાસનું વાવેતર કરી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે ખેતીમાંથી સારૂં ઉત્પાદન મળતાં આજે તેઓ સંતોષજનક આવક મેળવી રહ્યા છે. સાવરકુંડલા તાલુકો આ પરિસ્થિતિનું જીવંત ઉદાહરણ છે. અહીં અંદાજે ૧૫,૦૦૦ જેટલા રત્ન કલાકારો મહાનગરોમાં હીરાનો વ્યવસાય કરતા હતા. પરંતુ મંદી વધતાં ૫,૦૦૦ થી વધુ કલાકારો પોતાના વતનમાં પરત ફરીને ખેતીમાં જોડાયા છે. ઘણા લોકોએ પોતાની જમીનમાં મગફળી, કપાસ, તલ અને અનાજનું વાવેતર શરૂ કર્યું છે. ખેતીમાં વર્ષભર આવક ન હોય છતાં તેઓ માનતા કે ખેતીમાં સ્વાભિમાન છે અને મહેનતનું યોગ્ય ફળ મળે છે. ઉપરાંત ગામડાંમાં જીવનખર્ચ ઓછો હોવાથી તેઓ વધુ સારૂં જીવન જીવી શકે છે. ખાલી ખેતી જ નહીં, પરંતુ કેટલાક રત્ન કલાકારો ગામમાં નાના વ્યવસાય શરૂ કરી રહ્યા છે. ચાની લારીઓ, કરિયાણાની દુકાનો, વાહન રિપેરિંગ વર્કશોપ અને અન્ય નાના રોજગાર દ્વારા તેઓ ફરીથી પોતાના જીવનને નવી દિશા આપી રહ્યા છે. અગાઉ હીરા ઘસવાનું કામ જ તેમની આવકનો એકમાત્ર આધાર હતું, પરંતુ હવે ખેતી અને નાના ધંધાઓ દ્વારા તેઓ પોતાનો ગુજરાન ચલાવી રહ્યા છે. આ પરિવર્તનનો સામાજિક અને આર્થિક સ્તરે પણ મોટો પ્રભાવ જોવા મળી રહ્યો છે. ગામડાંઓમાં પરત ફરેલા યુવાનો પોતાના માતા–પિતા સાથે રહીને પરિવારના બંધનો મજબૂત કરી રહ્યા છે. ગામમાં શ્રમશકિત વધતા ખેતીમાં નવી ઊર્જા આવી છે. અગાઉ ખાલી પડેલી જમીનો આજે લીલાછમ પાકોથી લહેરાઈ રહી છે. ખેડૂતોમાં એક પ્રકારની નવી આશા જાગી છે કે હવે ગામના યુવાનો ખેતી તરફ વળી રહ્યા છે. બીજી બાજુ આ પરિસ્થિતિએ હીરાના વ્યવસાય પર મોટો પ્રશ્નચિહ્ન ઊભો કર્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સતત મંદી રહેતી હોય તો સુરત અને અમદાવાદ જેવા હીરા ઉદ્યોગના કેન્દ્રોને લાંબા ગાળે ભારે નુકસાન થઈ શકે છે. હજારો કલાકારો ખેતી કે અન્ય વ્યવસાય તરફ વળી જાય તો ઉદ્યોગમાં અનુભવી મજૂરોની અછત ઊભી થઈ શકે છે. પરંતુ હાલની પરિસ્થિતિમાં રત્ન કલાકારો માટે ખેતી જ સલામત વિકલ્પ બની રહી છે. ભલે ખેતીમાં જોખમો છે–વરસાદ પર આધાર, પાકના રોગો, બજારના ભાવ વગેરે–છતાં પોતાના વતનમાં રહીને પરિવાર સાથે કામ કરવાથી તેમને માનસિક શાંતિ મળે છે. સારાંશ રૂપે કહેવું તો, અમરેલી જિલ્લાના રત્ન કલાકારો આજે જીવનનો મોટો વળાંક લઈ રહ્યા છે. એક સમય હતો જયારે ગામના યુવકો મહાનગરોમાં હીરાના ચમકતા વ્યવસાયમાં જીવન બનાવવાનું સપનું જોતા હતા, પરંતુ હવે પરિસ્થિતિએ તેમને ફરીથી માટી સાથે જોડાવી દીધા છે. મંદીના કારણે હીરા ઘસવાનું કામ છોડી ખેતી અને નાના ધંધા શરૂ કરનારા આ કલાકારો ગામડાંના વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે. આ માત્ર આર્થિક પરિવર્તન નથી પરંતુ સામાજિક પરિવર્તન પણ છે, જેમાં વતનની માટીનો લગાવ ફરીથી પ્રબળ થયો છે.

### વડોદરાનાં વતની અશોકભાઈ શેઠ દ્વારા

## ટીંબી : સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૯૦ લાખનુ અનુદાન કરાયુ

### હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ આભાર માન્યો



ટીંબી, તા. ૨૧

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)માં છેલ્લા ચારેક વર્ષથી વખતોવખત અનુદાન આપનાર વડોદરાનાં વતની અશોકભાઈ શેઠ / પુષ્પા એન્ડ હસમુખ શાહ (યુએસએ) ફાઉન્ડેશન દ્વારા હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં હોસ્પિટલ બિલ્ડીંગ નં.૨ માટે ડાયાલીસીસ મશીન અને ઓર્થોપેડીક વિભાગમાં ઓપરેશનનાં સાધનો ખરીદી બાબતે હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરા સાથે ચર્ચા થયા મુજબ દાતા અશોકભાઈ શેઠ દ્વારા USA $ ૧,૦૫,૦૦૦ (અમેરીકન ડોલર કે જેના અંદાજીત રૂા. ૯૦,૦૦,૦૦૦ અંકે રૂપિયા નેવું લાખ થાય) જેવી માતબર રકમનુ અનુદાન તા. ૨૯/૭/૨૫નાં રોજ અર્પણ કરેલ છે.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે અશોકભાઈ શેઠ પુષ્પા એન્ડ હસમુખ શાહ (USA) ફાઉન્ડેશન તથા તેમનાં પરીવારજનોનો હદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ સનેઈ ૨૯૨૨થી તેઓ તરફથી રૂા. ૭૭,૦૦,૫૮૫ અંકે રૂપિયા સત્યોતેર લાખથી વધુ માતબર રકમનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

### ખાંભા : સાળવા પ્રાથમિક શાળમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા



ચલાલા, તા. ૨૧

ખાંભા તાલુકાની સાળવા પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગસ્ટ એટલે કે સ્વાતંત્રય પર્વની ખુબ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો ધ્વારા દેશભકતો વિશે વકતવ્ય અને દેશપ્રેમ ને પ્રગટ કરતી વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નંદ મહોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. આમ આ દેશપ્રેમના પર્વને ધાર્મિકતા સાથે જોડી દેવામાં આવ્યો હતો. કાર્યક્રમને માણવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સરાહના કરતા ગ્રામજનોએ ઉદાર હાથે આર્થિક અુનદાન પણ આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય યોગેશભાઈ જેઠવા અને તેમના સ્ટાફ પરિવારે ખુબ જહેમત ઉઠાવી હતી. અને સહુનો આભાર વ્યકત કર્યો હતો.

### ડિસ્ટ્રિકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ અંતર્ગત

## ભૈ વાહ : કુંકાવાવના તોરી ગામે રૂપિયા ૧.૮૦ કરોડનાં ખર્ચે થશે વિકાસ કાર્યો

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમત રંગ લાવી



અમરેલી, તા. ૨૧

ડિસ્ટ્રિકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ અંતર્ગત કુંકાવાવ તાલુકાના તોરી ગામ માટે ધારાસભ્ય કેશિક વેકરિયાના પ્રયત્નોથી ગામની આંતર માળખાકીય સુવિધાઓમાં વધારો થાય તે માટે વિવિધ વિકાસલક્ષી કામો મંજૂર કરવા ભલામણ કરવામાં આવેલ. જે સંદર્ભે તોરી ગામને આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે, સી.સી. રોડ, બ્લોક રોડ, ભૂગર્ભ ગટર, પીવાના પાણી માટે કૂવો, હાઈસ્કૂલમાં લાઈબ્રેરી હોલ, અમૃત સરોવર, આંગણવાડી માટે મકાન તથા કમ્પાઉન્ડ વોલ વગેરે જેવા કામો માટે ડી.એમ.એફ. ફંડમાંથી રૂપિયા એક કરોડ એંસી લાખ જેવી માતબર રકમની ફાળવણી થનાર હોય, આગામી દિવસોમાં તોરી ગામ વિવિધ વિકાસલક્ષી કામોથી નવું કલેવર ધારણ કરશે.

### શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ડોડીયાએ તપાસની માંગ કરી

## લ્યો બોલો : સાવરકુંડલામાં ૧ વર્ષ પહેલા બનેલ માર્ગ તુટી ગયાનો આક્ષેપ કરવામાં આવ્યો

### માર્ગ બનાવનાર એજન્સીની જવાબદારી નકકી કરો

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાશહેરીવિસ્તારનાં કુદરતીઉપચાર કેન્દ્રથી પોલીસસ્ટેશનસુધી એક વર્ષ પહેલા રોડ બનાવવામાં આવેલ હતો. પરંતુ આ રોડ એક વર્ષની અંદર બિસ્માર હાલતમાં થયેલ છે અને આ રોડનું ખાતમુર્હુત સમયે ચૂંટાયેલ ઘણા નેતા હતા તેમ છતાં નબળા કામના કારણે આ રોડ બિસ્માર થયેલ છે અને આ રોડની ગેરંટી પીરીયડ પૂર્ણ થયેલ ના હોય. ત્યારે આ રોડ બિસ્માર હાલતમાં થયેલ હોય, લોકો તેમજ વાહન ચાલકોને અવરજવર કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે. જેથી આ કામગીરી હલ્કી ગુણવત્તા અને ગાઈડલાઈન્સ વિરૂધ્ધની નબળી કામગીરી થયેલ હોય, સરકારી નાણાનો ખોટી રીતે ઉપયોગ કરીને ભ્રષ્ટાચાર થયેલ તેવું સાબિત થાય છે.

સરકારની ગાઈડલાઈન્સ મુજબ જે–તે એજન્સી ધ્વારા જે પણ કામગીરી કરવામાં આવેલ હોય તે કામગીરી તેમની સમય મર્યાદા પહેલા ખરાબ કે બિસ્માર હાલતમાં થાય તો તેમને રીપેરીંગ કરવાની તમામ જવાબદારી કામગીરી કરતી એજન્સીની રહેતી હોય છે. તેમ છતાં તંત્ર ધ્વારા આ રોડ રીપેરીંગ કરવાની દરકાર કરતું નથી. આ કામ કરતી એજન્સીની ડીપોઝીટ રકમ પણ નગરપાલિકા ધ્વારા જમા રાખેલ હોય. ત્યારે કુદરતી ઉપચાર કેન્દ્રથી પોલીસ સ્ટેશન સુધીનાં રોડ બિસ્માર રોડને રીપેરીંગ કરવાની જવાબદારીમાંથી મુકત થઈને એજન્સી સરકારી નાણાનો ગેરવ્યય કરતી હોય. જેથી આ કામગીરી કરતી એજન્સીની ડીપોઝીટ તેમજ રીકવરી કરીને આ રોડને રેપેરીંગ કરવામાં આવે તેવી માંગ સાથે પ્રાદેશિક કમિશ્નર તેમજ ચીફ ઓફિસર સમક્ષ શહેર કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ વિજયભાઈ ડોડીયાએ કરી છે.

## અમરેલી જિલ્લાના છુટાછવાયા વિસ્તારમાં વરસાદની સંભાવના

અમરેલી, તા. ૨૧

ભાવનગર ફલડ કંટ્રોલના જણાવ્યા મુજબ અમરેલી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ સહિત સૌરાષ્ટ્રનાં વિવિધ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારમાં તા. ૨૧/૮/૨૦૨૫ના રોજ હળવાથી ભારે, હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ સહિતના જિલ્લામાં હળવાથી ભારે, અતિ ભારે વરસાદની સંભાવના છે. તા. ૨૨/૮/૨૦૨૫ થી તા. ૨૭/૮/૨૦૨૫ સુધી હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તા. ૨૧/૮/૨૦૨૫ થી તા.૨૫/૮/૨૦૨૫ સુધી હળવી મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

તા. ૨૧/૮/૨૦૨૫ થી તા.૨૭/૦૮/૨૦૨૫ સુધી છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. આથી, અમરેલી જિલ્લાના નાગરિકોને સાવચેતી અને તકેદારીનાં જરૂરી તમામ પગલાં લેવા અમરેલી ફલડ સેલ દ્વારા સૂચના આપવામાં આવી છે.

### ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમમાં

## અમરેલી સીટી પોલીસ દ્વારા ગુમ થયેલ બાઈક શોધી પરત અપાવ્યું

### રેડ કોર્નર સિનેમા નજીકથી બાઈક ગુમ થયેલ




અમરેલી, તા.૨૧

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં મિલકત ગુમના બનાવોમાં સત્વરે મિલકત શોધી મુળ માલીકને પરત કરવા તથા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ સાર્થક કરી અમલવારી કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને અમરેલીમાં રહેતા અરજદાર અરૂણભાઈ પુનાભાઈ કટકીયા ગત તા.૧૮ ના રોજ રાત્રીના આશરે દસેક વાગ્યે અમરેલીમાં આવેલ રેડ કોર્નર પાસે આવેલ એક હોટેલમા જમવા માટે ગયેલા હતા. અને તે સમયે પોતાનું મોટર સાયકલ નં.જીજે.૧૪.એન.૮૦૯૫ જેની કીમત રૂપિયા ૩૦ હજારનું હોટલની નીચે પાર્ક કરેલ હતું. અને તેઓ હોટલમાં જમીને નીચે આવતા પોતાની મોટર સાયકલ ત્યાં ના હતું. જેથી તેમણે મોટર સાયકલ ગુમ થવા અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં મોટર સાયકલ ગુમ થયા અંગેની અરજી આપતા અને તે અરજીના અનુસંધાને અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મોટર સાયકલ શોધી કાઢી અને મુળ માલીકને પરત કરી આપેલ હતું. આમ અમરેલી સીટી પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ સાર્થક કર્યો હતો.

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાના વિદ્યાર્થીઓએ SGFI કરાટે સ્પર્ધામાં ૯–સુવર્ણ, ૭–રજત અને ૧૨–કાંસ્ય પદક મેળવ્યા



અમરેલી તારીખ ૫ અને ૬ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ શાળાકીય જિલ્લા કક્ષા SGFI–૨૦૨૫ ભાઈઓ–બહેનો કરાટે સ્પર્ધાનું આયોજન રાજુલા ખાતે થયું હતું આ પ્રતિસ્પર્ધામાં વિવિધ શાળાઓના યુ–૧૪, યુ–૧૭ અને યુ–૧૯ વય જૂથોના સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સના હોનહાર ભાઈઓ અને બહેનો સ્પર્ધકો દ્વારા પાર્ટિસિપેશન કરવામાં આવેલ. જેમાં શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસના સ્પર્ધકોએ પોતાની પ્રતિભા અને કઠિન મહેનતથી વિજય હાંસલ કરીને ટોપ–શ્રીમાં સ્થાન મેળવ્યું છે. જેમાં (૧) ખાંભલા સોહિલ, (૨) ગમારા હાર્દિક, (૩) વઘાસિયા દક્ષ, (૪) લિંબાશિયા ધર્મ, (૫) ધાધલ મનદીપ, (૬) સોલંકી વંદના, (૭) પરમાર મહેક, (૮) ચૌહાણ શ્રેયા, (૯) પાનેરી ખુશી સુવર્ણ પદક મેળવેલ. (૧) આલગિયા વર્જ, (૨) વાળા વિરાજ, (૩) બાંભણીયા ધાર્મિક, (૪) ધાખડા જયબિરાજ, (૫) કસવાડા અક્ષીલ, (૬) ગોલની ઉર્વીશ, (૭) કારેણા ઉરવી– રજત પદક મેળવેલ અને (૧) ડોડા મંથન, (૨) કિકાણી સ્મિત, (૩) નિદ્વિજિયા પ્રીતમ, (૪) પ્રજાપતિ દર્શ, (૫) વામજા કૃપાલ, (૬) પરમાર દેવરાજ, (૭) ભીલોટા પ્રિયાંક, (૮) બારૈયા પરી, (૯) કરંગીયા બંશી, (૧૦) ઝાલા મહેક, (૧૧) દવે દિશા, (૧૨) ઝા મહાલક્ષ્મી–કાંસ્ય પદક મેળવેલ હતું. તેમજ ૯ વિદ્યાર્થીઓ અમરેલી જિલ્લા તરફથી રાજય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે, અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા સ્પર્ધકો અને કોચ ભેડા વિકુશભાઈને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બગસરા : સૌરાષ્ટ્ર નાગરિક મંડળીના ચેરમેન અનિલ વેકરિયાનાં નિવાસ સ્થાને મુલાકાત લેતા એએચપીનાં વડા ડો. તોગડિયા






બગસરા શહેર તેમજ તાલુકાના પ્રવાસે નીકળેલ આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના વડા ડો.પ્રવિણભાઈ તોગડિયાએ બગસરા ખાતે સૌરાષ્ટ્ર નાગરિક મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરિયાના નિવાસસ્થાને પધાર્યા હતા અને અનિલભાઈ વેકરીયાની શુભેચ્છક મુલાકાત કરેલી જયાં બગસરાના હિંદુ સંગઠનના આગેવાનો અને રાજકીય આગેવાનો સાથે બેસી તેમના જીવનકાળમાં કરેલા કાર્યો અને ભવિષ્યમાં થતા સામાજિક ફેરફારો વિશે વાતો કરી હતી આ તકે એ.વી.એસ.પી.ના પ્રદેશ અગ્રણી રણછોડભાઈ ભરવાડ તથા નિર્મળભાઈ ખુમાણ તથા અગ્રણી ઉદ્યોગપતિ ધ્રુવભાઈ તોગડીયા બગસરાના રાજકીય મહાનુભાવો એ સ્વૈચ્છિક મુલાકાત કરી હતી જેમાં બગસરા નાગરિક મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીયા બગસરા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી.રીબડીયા બગસરા પાલિકા પૂર્વ ઉપપ્રમુખ રાજુભાઈ ગીડા બગસરા હામાપુર જિલ્લા પંચાયત સભ્ય પ્રતિનિધિ ધીરૂભાઈ માયાણી બગસરા શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણી મહામંત્રી હિરેન ચૌહાણ પ્રવીણ બોરડ બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગા કિસાન સંઘના બાલુભાઈ ગઢિયા બગસરા લેઉવા પટેલ સમાજના પ્રમુખ રમેશભાઈ સુવાગીયા બગસરા સરદાર ગ્રુપ અને સરદાર મંડળીના ચેરમેન કે.ડી. નળીયાધરા બગસરાના ઉદ્યોગપતિ હાલ સુરત હસુભાઈ કિકાણી સનાતન ગ્રુપના વિકાસભાઈ ભુવા, મંગળસિંહ રાઠોડ, સંજયભાઈ વ્યાસ બગસરા વેપારી અગ્રણી કિશોર હિરાણી બગસરા ઓકિસજન ગ્રુપના મહેશ માંડલિયા બગસરા તાલુકા પંચાયત સભ્ય વિપુલ ભેસાણીયા સહિતના હિંદુ સંગઠનના આગેવાનો અનિલભાઈ વેકરિયાના ઘરે પ્રવિણભાઈ તોગડિયાની મુલાકાત લીધી હતી.

### વિશ્વ કલ્યાણ હેતુસર ઉમદા કાર્ય

## દામનગર : ઢસાના સાહસવીર યુવક ૨૨ હજાર કિ.મી.ની કરશે સાયકલ યાત્રા

### ભુરખિયા હનુમાન મંદિરેથી યાત્રાનો પ્રારંભ



તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૨૧

ઢસાનો યુવાન રાહુલ ચૌહાણ વિશ્વ કલ્યાણ અર્થે કરશે ૨૨૦૦૦ હજાર કિમિની સાયકલ યાત્રા સુપ્રસિદ્ધ યાત્રા ધામ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર થી પ્રસ્થાન કરાવતા ટ્રસ્ટી હિમતભાઈ કટારીયા અમરશીભાઈ પરમાર દેવરાજભાઈ સિંધવ ગોપાલભાઈ ચુડાસમા નરેશભાઈ ડોડીયા સહિત સમગ્ર ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ એવમ પૂજારી પરિવારે શુભેચ્છા પાઠવી ચાર ધામ યાત્રા એ સાયકલ લઈને પ્રસ્થાન યુવાન રાહુલ શલેશભાઈ ચૌહાણ ને યાત્રા મંગલમય બને તેવા આશિષ સાથે દાદાના સાનિધ્યમાંથી શ્રી ભુરખિયા હનુમાનજી મંદિરના સ્મૃતિ ચિન્હ મૂર્તિ અર્પણ કરી અને ખેસ પહેરાવી પ્રસ્થાન કરાવ્યું હતુ એક વર્ષ કરતા વધુ સુધી ચાલનારી સાયકલ યાત્રા દરમ્યાન ચારધામ દર્શન કરનાર યુવાન ઢસા ગામનું ગૌરવ છે અદમ્ય સાહસ શોર્ય ધરાવતા યુવાનની ભાવના ખૂબ ઉદત છે વિશ્વ કલ્યાણના ઉમદા વિચાર સાથે પ્રસ્થાન થયેલ સાયકલ યાત્રી દરેક જીવાત્મા કલ્યાણના માટે જઈ રહ્યો છે ખૂબ સાહસભરી સાયકલ યાત્રા મંગલમય નીવડે તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ચિતલ : શ્રાવણ માસનાં અંતિમ 3 દિવસ સુધી ધાર્મિક કાર્ય



તસ્વીર : હર્ષદ ત્રિવેદી–ચિતલ

ચિતલ, તા. ૨૧

પવિત્ર શ્રાવણ માસ પુરો થવા આવે હવે બે–ત્રણ દિવસ જ બાકી રહે છે. ત્યારે છેલ્લા આ ત્રણ દિવસ દરમ્યાન મહિલાઓ મંદિરે જઈને શ્રાવણ વદ ૧૩ તથા ૧૪ અને સર્વ પિતૃ અમાસે એમ ત્રણ દિવસ વહેલી સવારે નાહીધોઈ પુજન, અર્ચના કરી પીપળે તથા વડલે મહીલાઓ સતત ત્રણ દિવસ પાણી રેડે છે. આ ત્રણ દિવસોને "આશાવાદ" પણ કહે છે. પીપળો અને વડલો બ્રહ્મા–વિષ્ણુ સ્વરૂપ છે. મહીલાઓ ત્રણ દિવસ રેડીને વર્ષ દરમ્યાન પોતાનાથી જાણે અજાણ્યે થયેલ ભુલની પ્રાપ્તિ માટે પાણી રેડી દાન દક્ષીણા આપીને કૃતઘ્નતા અનુભવે છે. તેમજ ધરાને પણ પાણી રેડે છે જેથી "ધરો" વધે તેમ પોતાના કુંટુબનો વિસ્તાર થાય તેમજ પુર્વજોની પ્રસન્નતા આર્શીવાદ પ્રાપ્ત થાય છે. જયારે ઘરના તમામ પુરૂષ વર્ગ પિતૃ અમાસે સુરાપુરા પાસે જઈ ધુપ દીપ શ્રીફળ વધેરી સર્વ કુંટુબ માટે સુરાપુરા દાદા પાસેથી આર્શીવાદ મેળવે છે. આ સાથે શ્રાવણ માસ પુર્ણ થાય છે.

## લીલીયા સરકારી કોલેજમાં વિશ્વ ઉદ્યોગ સાહસિક દિવસની ઉજવણી કરાઈ



લીલીયા, તા. ૨૧

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખાતે આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની અધ્યક્ષતામાં તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ વિ ઉદ્યોગ સાહસિક દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે કોલેજના ગૌરવશાળી ભૂતપૂર્વ વિદ્યાર્થી જયપાલ ડાંગર તથા સલડી અમરેલી ખાતે સ્થાપિત પેરામોટર કંપનીના સ્થાપક હર્ષદ મડલિયા ઉપસ્થિત રહ્યા હતા. જયપાલ ડાંગરે Student Entreprenerurship Policy ૨૦૨૩–૨૪ અંતર્ગત અભ્યાસ દરમ્યાન જ ગુજરાત સરકાર તરફથી રૂપિયા ૪૦,૦૦૦ની ગ્રાન્ટ મેળવી પોતાના ગામ કાકચમાં સફળતાપૂર્વક કોમ્પ્યુટર સાઈબર કેફે શરૂ કર્યો હતો. તેમની પ્રેરણાદાયક સફરથી વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા પ્રત્યે નવી ઉર્જા જાગી. હર્ષદ માડલિયાએ પોતાના ઉદ્યોગી પ્રવાસ સાથે સાથે પરામોટર અને પેરાશૂટના કાર્યપદ્ધતિ અંગે પ્રાયોગિક સમજણ આપી. તેમણે જણાવ્યું કે તેઓ હીરાના કારખાનામાં કાર્યરત હતા ત્યારે તેમના મનમાં ઉડાન કરવાનો નવો વિચાર આવ્યો. શરૂઆતના ત્રણ મશીનો નિષ્ફળ ગયા છતાં અવિરત પ્રયત્નો બાદ તેમણે સફળ સ્ટાર્ટઅપ સ્થાપિત કર્યુ. આજે તેમની પ્રોડકટ પાન ઈન્ડિયા ફેમસ છે, અને અન્ય રાજયોમાંથી લોકો તેમની પાસે શીખવા માટે આવે છે. દેશી જુગાડથી સફળ ઉદ્યોગ ઉભું કરનાર તેમની આ યાત્રા વિદ્યાર્થીઓ માટે જીવંત પ્રેરણા બની રહી. તેમના નવીન વિચાર, ટેકનિકલ કુશળતા અને જીવંત સમજાવટથી વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક પ્રેરણા મળી. આ પ્રસંગે કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. પ્રકાશભાઈ પરમારે પોતાના સંબોધનમાં વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા, નવીનતા અને સ્વરોજગાર તરફ આગળ વધવા પ્રેરિત કર્યા. સરકારી યોજનાઓ અને નાણાકીય સહાયનો યોગ્ય ઉપયોગ કરીને દરેક વિદ્યાર્થી સફળ ઉદ્યોગ સાહસિક બની શકે છે તેવી પ્રેરણા પણ આપી. કાર્યક્રમનું સંચાલન જજઈડ તથા ઈનોવેશન ક્લબ કોર્ડિનેટર ડો. વિરાજ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે સમગ્ર કાર્યક્રમને સચોટ રીતે આગળ વધાર્યો અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા અંગે જાગૃતિ ફેલાવી. પોતાના સંબોધનમાં તેમણે વિદ્યાર્થીઓને નવીન વિચારો વિકસાવવાની, સરકારી યોજનાઓનો લાભ લેવા અને ભવિષ્યમાં સ્વરોજગાર તથા સ્ટાર્ટઅપ તરફ આગળ વધવા માટે પ્રેરિત કર્યા. આભારવિધિ હિન્દી વિભાગના અપ્રયક્ષ ડો. મહેશ વાઘેલા દ્વારા કરવામાં આવી હતી. તેમણે મહેમાનોના અમૂલ્ય સમય, પ્રેરણાદાયક વિચારો અને માર્ગદર્શન માટે આભાર વ્યકત કર્યો. સાથે સાથે વિદ્યાર્થીઓને પણ આ પ્રકારના કાર્યક્રમોમાં સક્રિય રીતે જોડાઈ પોતાની પ્રતિભા તથા વિચારોને ઉદ્યોગ સાહસિકતાની દિશામાં આગળ ધપાવવાની પ્રેરણા આપી. આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની દિશાદર્શક ભૂમિકા તથા સતત પ્રોત્સાહનથી વિ ઉદ્યોગસાહસિક દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ માટે યાદગાર બની રહી. આચાર્યના માર્ગદર્શન અને પ્રેરણાથી સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન થયું હતું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક, શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ▪ બટેટા વેફર ▪ કેળા વેફર
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર – હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧:૪૫, બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/- PF કાપવાપાત્ર રહેશે.
ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રૂજાતા–ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com













### વિદેશ મંત્રાલયનો કડક જવાબ

# ચીન સાથે ડીલ બાદ ભારત અને નેપાળ વચ્ચે ફરી વિવાદ!

## ભારત અને ચીન વચ્ચે લિપુલેખના માર્ગે વેપાર શરૂ કરવા પર સહમતિ થયા બાદ નેપાળે નારાજગી વ્યક્ત કરી છે

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને ચીન વચ્ચે લિપુલેખના માર્ગે વેપાર શરૂ કરવા પર સહમતિ થયા બાદ નેપાળે નારાજગી વ્યક્ત કરી છે. નેપાળે નિરાશા વ્યક્ત કરતાં કહ્યું છે કે, આ વિસ્તાર તેનો અભિન્ન હિસ્સો છે. જે તેના સત્તાવાર નકશામાં પણ સામેલ છે. જો કે, ભારતીય વિદેશ મંત્રાલયે નેપાળના આ દાવાને ખોટો ઠેરવ્યો છે.

નેપાળના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, નેપાળ સરકાર સ્પષ્ટતા કરવા માંગે છે કે મહાકાલી નદીની પૂર્વમાં આવેલા લિમ્પિયાધૂરા, લિપુલેખ અને કાલાપાની નેપાળના અભિન્ન અંગ છે. તેમને નેપાળના નકશામાં સત્તાવાર રીતે સામેલ કરવામાં આવ્યા છે અને આ વાત અમારા બંધારણમાં પણ નોંધાયેલી છે.

ભારત હંમેશા કહેતું આવ્યું છે કે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધૂરા તેના ક્ષેત્રમાં આવે છે. પરંતુ નેપાળમાં આ એક ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે. વર્ષ ૨૦૨૦માં આ જ મુદ્દે નેપાળમાં હિંસક દેખાવો થયા હતા. મંગળવારે નવી દિલ્હીમાં ભારત અને ચીન વચ્ચે થયેલી વ્યાપક વાતચીત બાદ જાહેર થયેલા સંયુક્ત દસ્તાવેજમાં બંને દેશો વચ્ચે લિપુલેખના માર્ગે વેપાર પર સહમતી નોંધાઈ હતી. જેના પર નેપાળે રોષ વ્યક્ત કર્યો હતો. નેપાળ સરકારના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે આવા દાવા પાયા વિહોણા છે અને જેમાં કોઈ ઐતિહાસિક તથ્યો કે પુરાવાઓ નથી. ભારત અને ચીન વચ્ચે લિપુલેખ ઘાટથી સરહદી વેપાર ૧૯૫૪માં શરૂ થયો હતો અને ઘણા દાયકાઓથી ચાલુ છે. તાજેતરના વર્ષોમાં આ વેપાર કોવિડ અને અન્ય કારણોસર બંધ થઈ ગયો હતો, પરંતુ હવે બંને પક્ષોએ તેને ફરીથી શરૂ કરવા પર સહમતી વ્યક્ત કરી છે. જ્યાં સુધી પ્રાદેશિક દાવાની વાત છે, તો અમારી સ્થિતિ સ્પષ્ટ છે કે આવા દાવા ન તો યોગ્ય છે અને ન તો ઐતિહાસિક તથ્યો અને પુરાવાઓ પર આધારિત છે. કોઈપણ પ્રકારના એકતરફી દાવા સ્વીકારવામાં આવશે નહીં.નવી દિલ્હીમાં મંગળવારે ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ વ્યાપક વાતચીત પછી એક સંયુક્ત દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો હતો. તે દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું હતું કે, બંને દેશોએ સરહદી વેપારને ફરીથી શરૂ કરવા પર સહમતી વ્યક્ત કરી છે. આ વેપાર ત્રણ નિર્ધારિત માર્ગો- લિપુલેખ ઘાટ, શિપકી લા ઘાટ અને નાથુ લા ઘાટથી થશે.

ભારત અને ચીન વચ્ચે લિપુલેખથી સરહદી વેપાર ફરી શરૂ કરવાની જાહેરાત પર નેપાળના મીડિયાએ સવાલ ઉઠાવ્યા હતાં. ત્યાર બાદ નેપાળના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લોક બહાદુર ક્ષેત્રીએ નિવેદન આપ્યું હતું કે, બધાને ખબર છે કે નેપાળ સરકાર સતત ભારત સરકારને કહી રહી છે કે આ ક્ષેત્રમાં સડક નિર્માણ કે વિસ્તરણ કરવામાં આવે નહીં, તેમજ સરહદી વેપાર જેવી કોઈ પ્રવૃત્તિ હાથ ન ધરાય. આ તથ્ય પણ સ્પષ્ટ છે કે નેપાળ સરકારે ચીન સરકારને પહેલાથી જ સૂચિત કરી દીધું છે કે આ વિસ્તાર નેપાળનો ભાગ છે. નેપાળ અને ભારત વચ્ચે સરહદી વિવાદનું સમાધાન બંને દેશોના સંબંધોની ભાવનાને અનુરૂપ, ઐતિહાસિક સમજૂતી, તથ્યો, નકશા અને અન્ય પુરાવાઓના આધારે રાજદ્વારી માધ્યમોથી કરવામાં આવશે.

લિપુલેખ નેપાળના ઉત્તર-પશ્ચિમમાં સ્થિત છે. જે ભારત, નેપાળ અને ચીનની સરહદ સાથે જોડાયેલું છે. ભારત આ વિસ્તારને ઉત્તરાખંડનો ભાગ માને છે, જ્યારે નેપાળ તેને પોતાનો વિસ્તાર ગણે છે. નવેમ્બર ૨૦૧૯માં ભારતે જમ્મુ-કાશ્મીરનું વિભાજન કરીને બે કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા અને આ સાથે જ નવો નકશો બહાર પાડ્યો હતો. આ નકશામાં આ વિસ્તારો સામેલ હતા. નેપાળે તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો કે, ભારત પોતાનો નકશો બદલે કારણ કે કાલાપાની નેપાળનો વિસ્તાર છે. જેના પાંચ મહિના પછી, મે ૨૦૨૦માં લિપુલેખને લઈને બંને દેશો વચ્ચે ફરી તણાવ વધ્યો હતો. ૧૮ જૂન ૨૦૨૦ના રોજ નેપાળે બંધારણમાં સુધારો કરીને દેશના રાજકીય નકશાને અપડેટ કર્યો હતો. સુધારા પછી નેપાળના નકશામાં ત્રણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્ર- લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધૂરા દર્શાવવામાં આવ્યા હતાં. ભારતે આને એકતરફી પગલું ગણાવીને નેપાળના પ્રાદેશિક દાવાઓને કૃત્રિમ વિસ્તરણ માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો. ભારત અને નેપાળ વચ્ચે ૧,૮૫૦ કિલોમીટર લાંબી સરહદ છે, જે સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને અડીને આવેલી છે.

### મોસ્કોથી જયશંકરનો ટ્રમ્પને જવાબ

# ભારત નહીં, ચીન રશિયા પાસેથી સૌથી વધુ ઓઇલ ખરીદે છે

## ભારત એલએનજીનો પણ સૌથી મોટો ખરીદદાર નથી

નવી દિલ્હી, તા.૨૧

વિદેશ મંત્રી એસ. જયશંકરે આજે ગુરૂવારે મોસ્કોમાં રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવ સાથે મુલાકાત કરી હતી. તેમણે અમેરિકા દ્વારા રશિયામાંથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર ટેરિફ મામલે પ્રતિક્રિયા આપી હતી કે, ભારત માટે (અમેરિકાનો) આ તર્ક સમજવો અત્યંત હેરાન કરનારો છે.

જયશંકરે જણાવ્યું કે, ભારત રશિયાનો સૌથી મોટો ક્રૂડ ખરીદદાર દેશ નથી. તે ચીન છે. ભારત એલએનજીનો પણ સૌથી મોટો ખરીદદાર નથી. તે યુરોપિયન યુનિયન છે. વધુમાં ૨૦૨૨ બાદથી રશિયા સાથે વેપાર વૃદ્ધિમાં પણ ભારત અગ્રેસર નથી. તેમ છતાં અમેરિકાએ આ તમામ દેશોને બાકાત રાખતાં માત્ર ભારત પર જ ટેરિફ લાદ્યો છે.

અમેરિકાએ અત્યારસુધી ચીન પર રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ કોઈ પ્રતિબંધ મૂક્યા નથી. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ પણ ભારત પર ટેરિફ લાદવાના નિર્ણયનેને યોગ્ય ઠેરવ્યો છે કે, ભારતે યુદ્ધ બાદ રશિયા પાસેથી આયાત વધારી બમણો નફો મેળવ્યો છે. જયશંકરે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે, અમેરિકા છેલ્લા કેટલાક વર્ષોથી કહી રહ્યું હતું કે, ભારતે વિશ્વ ઉર્જા બજારને સ્થિર બનાવવામાં મદદ કરવી જોઈએ. જેમાં રશિયા પાસેથી ક્રૂડ ખરીદીનો નિર્ણય પણ સામેલ છે. ભારત અમેરિકા પાસેથી પણ ક્રૂડની ખરીદીમાં વધારો કર્યો છે. એવામાં ભારત માટે અમેરિકાનું આ વલણ સમજી શકાતુ નથી.

એસ. જયશંકરે વધુમાં જણાવ્યું કે, ભારત અને રસિયા વિશ્વમાં સૌથી સ્થિર દ્વિપક્ષીય સંબંધ ધરાવતા દેશો પૈકી એક છે. તેમણે એનર્જી, વેપાર, રોકાણ ક્ષેત્રે સહયોગને મહત્ત્વ આપ્યું છે. સંરક્ષણ અને સૈન્ય તકનીકી સહયોગ પણ મજબૂત બનાવ્યો છે. રશિયાએ ભારતને મેક ઈન ઈન્ડિયા લક્ષ્યોમાં પણ સહયોગ આપ્યો છે. જયશંકરે જણાવ્યું હતું કે, બંને દેશોએ દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવાની મહત્ત્વાકાંક્ષાનો પુનરોચ્ચાર કર્યો છે. કૃષિ, ફાર્મા અને ટેક્સટાઈલ જેવા સેક્ટરમાં ભારતની નિકાસને વેગ આપી વેપાર સંતુલન સુધારવામાં મદદ મળશે. ભારત રશિયાનો બીજો સૌથી મોટો ક્રૂડ આયાતકાર છે. રશિયા અને યુક્રેન યુદ્ધ બાદ ક્રૂડ આયાતમાં વૃદ્ધિ નોંધાઈ છે. જેનાથી અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે.

### બિલોને મંજૂરી અંગેના રાષ્ટ્રપતિના રેફરન્સ પર સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી

# રાજ્યપાલ બીજી વખત આવેલા બિલો રાષ્ટ્રપતિને મોકલી શકે નહીં : સુપ્રીમ

## જો નાણા બિલ ન હોય તો રાજ્યપાલ પાસે બિલને પુનર્વિચારણા માટે વિધાનસભામાં પાછું મોકલવાની પણ સત્તા

નવી દિલ્હી, તા.૨૧

રાજ્યોના બિલોને મંજૂરી અંગેના રાષ્ટ્રપતિના રેફરન્સ અંગે સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે રાજ્ય વિધાનસભાની બહાલી પછી બીજી વખત તેમની સમક્ષ મોકલવામાં આવેલા બિલોને રાજ્યપાલ વિચારણા માટે રાષ્ટ્રપતિને મોકલી શકે નહીં. તેમની સમક્ષ બીજી વખત આવેલા બીલને પણ રાજ્યપાલ રાષ્ટ્રપતિ પાસે મોકલી શકે તેવી કેન્દ્રની રજૂઆત પછી મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠે આ અવલોકન કર્યા હતાં.

બંધારણની કલમ ૨૦૦ હેઠળ રાજ્યપાલે વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલને સંમતિ આપવી પડે છે અથવા તેઓ સંમતિ રોકી શકે છે અથવા તેઓ રાષ્ટ્રપતિને વિચારણા માટે મોકલી શકે છે. જો નાણા બિલ ન હોય તો રાજ્યપાલ પાસે બિલને પુનર્વિચારણા માટે વિધાનસભામાં પાછું મોકલવાની પણ સત્તા છે. આમ રાજ્યપાલ પાસે બિલ અંગે નિર્ણય કરવાના ચાર વિકલ્પો છે.ખંડપીઠે જણાવ્યું હતું કે જો ચોથો વિકલ્પ (બિલને પુનર્વિચાર માટે વિધાનસભામાં પરત કરવાનો)નો રાજ્યપાલ ઉપયોગ કરે તો પછી સંમતિ રોકવાનો અથવા બિલને રાષ્ટ્રપતિને મોકલવાનો વિકલ્પ રદ થઈ જાય છે. જો રાજ્યપાલ બિલોને પુનર્વિચારણા માટે વિધાનસભામાં પરત કર્યા વગર ફક્ત મંજૂરી રોકવાનો નિર્ણય લે છે, તો તે ચૂંટાયેલી સરકારોને રાજ્યપાલની ઈચ્છાઓની ઈચ્છાઓને આધિન બની જાય છે. જો રાજ્યપાલ અનિશ્ચિત સમય માટે સંમતિ રોકી રાખે તો બહુમતીના સમર્થનથી રચાયેલી સરકારો એક બિનચૂંટાયેલા નિયુક્ત વ્યક્તિની દયા પર નિર્ભર બને છે.કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે બંધારણ હેઠળ રાજ્યપાલ કરતાં રાષ્ટ્રપતિને વધુ સત્તા મળેલી છે અને જો તેઓ બિલોને મંજૂરી આપવા માટે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ ન કરી શકે તો તેમનો હોદ્દો માત્ર પોસ્ટમેનનો બની જાય છે.

### સીજેઆઈનો સરકારને સવાલ

# તો શું કોર્ટ હાથ બાંધીને ઊભી રહે અને કહે કે અમે શક્તિહિન છીએ?

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારનેને પૂછ્યું હતું કે શું ચૂંટાયેલી સરકારને રાજ્યપાલના ભરોસે છોડી શકાય છે

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચે આ મામલે રાજ્યપાલ માટે સમયમર્યાદા નક્કી કરી હતી. આ અંગે રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ સંદર્ભ હેઠળ આપવામાં આવેલા બંધારણીય અધિકારનો ઉપયોગ કરીને સુપ્રીમ કોર્ટ પાસેથી ૧૪ પ્રશ્નોના જવાબ માંગ્યા છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બીઆર ગવઈની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની ૫ જજોની બેન્ચ આ સુનાવણી કરી રહી છે. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા આવી દલીલ આપવામાં આવી હતી, જેના પર સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે શું ચૂંટાયેલી સરકારને રાજ્યપાલના ભરોસે છોડી શકાય છે. જણાવી દઈએ કે રાજ્યપાલે તમિલનાડુ, કેરળ, પંજાબ જેવા રાજ્યોની વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલને પોતાની પાસે રાખ્યું હતું. હવે આ મામલો રાષ્ટ્રપતિ ભવન થઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને વિધાનસભામાંથી પસાર થયેલા બિલને મંજૂરી આપવા અથવા પાછું મોકલવા માટે ૯૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવા પર રસપ્રદ ચર્ચા ચાલી રહી છે. રાષ્ટ્રપતિ તરફથી આ કેસમાં એક રેફરન્સ દાખલ કરવામાં આવ્યો છે અને હવે કોર્ટમાં તેના પર ચર્ચા થઈ રહી છે.

ગુરુવારે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સરકારનો પક્ષ રજૂ કરતા બંધારણના આર્ટિકલ ૨૦૦નો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, બંધારણની આ જોગવાઈ મુજબ રાજ્યપાલની સત્તા વ્યાપક છે અને તેમને વિવેકબુદ્ધિથી કોઈપણ બિલ પર નિર્ણય લેવાનો અધિકાર છે. રાજ્યપાલ બંધારણીય અને રાજકીય શિષ્ટાચારનું પાલન કરીને નિર્ણય લે છે અને તેના માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવી ખોટું છે. સરકારનો પક્ષ રજૂ કરતા તુષાર મહેતાએ કહ્યું કે, રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ એક બંધારણીય સંસ્થા છે. તે જ રીતે, કોર્ટ પણ બંધારણીય સંસ્થા છે. સવાલ એ છે કે એક બંધારણીય સંસ્થા પોતાના બરાબરની બીજી સંસ્થા માટે સમયમર્યાદા કેવી રીતે નક્કી કરી શકે? ચીફ જસ્ટિસ ગવઈએ કહ્યું કે, જો કોઈ બંધારણીય સંસ્થા ભૂલ કરે તો તેમાં સમાધાનની જરૂર છે. આ કોર્ટ પણ બંધારણનો જ એક ભાગ છે. જો એક બંધારણીય સંસ્થા કોઈ યોગ્ય કારણ વગર પોતાનું કામ ન કરી રહી હોય, તો શું કોર્ટે એમ કહેવું જોઈએ કે અમે શક્તિહીન છીએ અને અમારા હાથ બંધાયેલા છે? અમારે કંઈક તો નિર્ણય લેવો જ પડશે.

તુષાર મહેતાએ કહ્યું કે, માની લો કે ગવર્નર કોઈ બિલ પર નિર્ણય નથી લઈ રહ્યા, તો તેના માટે રાજકીય ઉકેલો છે. આવા મામલામાં એક પ્રતિનિધિમંડળ વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ પાસે જઈ શકે છે. આ રીતે મામલો ઉકેલી શકાય છે પણ તેનો એ મતલબ નથી કે કોર્ટ દ્વારા સમયમર્યાદા નક્કી કરવામાં આવે. આવા મામલા ઘણા રાજ્યોમાં સામે આવ્યા છે અને તે રાજકીય સમજદારીથી જ ઉકેલાયા છે.

### બોર્ડે અચાનક લીધો આ મોટો નિર્ણય

# BCCIએ મુખ્ય પસંદગીકાર અજીત અગરકરને આપ્યું વરદાન

## અગરકરનો કાર્યકાળ જૂન ૨૦૨૬ સુધી લંબાવાયો

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં હાલ પરિવર્તનનો માહોલ ચાલી રહ્યો છે. ત્યારે હવે એક અધિકારી વિશે મોટા સમાચાર સામે આવ્યા છે. મુખ્ય પસંદગીકાર અજિત અગરકરનો કાર્યકાળ જૂન ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યો છે. અગરકરે જૂન ૨૦૨૩માં આ પદ સંભાળ્યું અને તેમના કાર્યકાળ દરમિયાન ભારતીય ટીમે ICC ટ્રોફીની લાંબી રાહનો અંત લાવ્યો. અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતે આ વર્ષની શરૂઆતમાં ૨૦૨૪_૨૦ વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. આ ઉપરાંત ટીમ ઈન્ડિયાએ ઘરઆંગણે ૨૦૨૩ ODI વર્લ્ડ કપની ફાઈનલમાં પણ જગ્યા બનાવી હતી અને ટેસ્ટ ટીમમાં પણ મોટા ફેરફારો જોવા મળ્યા હતા. ધ ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ મુજબ, અગરકરનો કરાર ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫ પહેલા રિન્યુ કરવામાં આવ્યો હતો.BCCIના એક અધિકારીએ કહ્યું, "તેમના કાર્યકાળ દરમિયાન, ભારતીય ટીમે ટાઈટલ જીત્યા છે અને ટેસ્ટ અને T20 ટીમોમાં પણ ફેરફાર થયો છે. BCCI એ તેમનો કરાર જૂન ૨૦૨૬ સુધી લંબાવ્યો હતો અને તેમણે થોડા મહિના પહેલા આ ઓફર સ્વીકારી હતી." અગરકરની દેખરેખ હેઠળ, ટીમ ઈન્ડિયાએ વિરાટ કોહલી, રોહિત શર્મા અને અશ્વિન જેવા અનુભવી ખેલાડીઓના જવા જેવા મુશ્કેલ સમયનો પણ સામનો કરવો પડ્યો. અશ્વિન બધા ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે, જ્યારે રોહિત અને વિરાટ હવે ફક્ત ODમાં જ રમશે. આ દરમિયાન શુભમન ગિલને ટેસ્ટ અને સૂર્યકુમાર યાદવને T20ના નવા કેપ્ટન બનાવવામાં આવ્યા હતા. અજીત અગરકર ઉપરાંત વર્તમાન પસંદગી સમિતિમાં એસ.એસ. દાસ, સુબ્રતો બેનર્જી, અજય રાત્રા અને એસ. શરથનો સમાવેશ થાય છે. જો કે, એવું માનવામાં આવે છે કે સપ્ટેમ્બરમાં યોજાનારી વાર્ષિક સામાન્ય સભા પછી વરિષ્ઠ પસંદગી સમિતિમાં કેટલાક ફેરફારો થઈ શકે છે. બોર્ડ તેમના સ્થાને એક નવો ચહેરો લાવી શકે છે. આ ઉપરાંત, BCCI સિનિયર મહિલા અને જુનિયર પુરુષોની પસંદગી સમિતિઓ માટે પણ અરજીઓ મંગાવશે. મહિલા સમિતિના અધ્યક્ષ નીતુ ડેવિડ તેમના સાથી સભ્યો આરતી વૈદ્ય અને મિથુ મુખર્જી સાથે પસંદગીકાર તરીકે પાંચ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. બોર્ડના નિયમો અનુસાર, સભ્યો ફક્ત પાંચ વર્ષ માટે જ આ પદ સંભાળી શકે છે. આવતા વર્ષે યોજાનાર T20 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને આ એક મહત્વપૂર્ણ સમય છે. જુનિયર પસંદગી સમિતિમાં તિલક નાયડુ, રણદેવ બોઝ, હરવિંદર સિંહ સોઢી, પથિક પટેલ અને કૃષ્ણ મોહનનો સમાવેશ થાય છે. એવું માનવામાં આવે છે કે બોર્ડ જુનિયર પસંદગી સમિતિમાં પણ કેટલાક ફેરફારો કરવાનું વિચારી રહ્યું છે.

### રશિયન સેનાએ પશ્ચિમ યુક્રેનને ટાર્ગેટ કર્યું

# યુદ્ધવિરામની આશા વચ્ચે રશિયાએ યુક્રેન ઉપર ભયાનક હુમલો કર્યો

## રશિયન સેનાએ પશ્ચિમી ક્ષેત્રમાં ૫૭૦થી વધુ ડ્રોન અને ૪૦ મિસાઇલો ઝિંકી ભયાનક તબાહી મચાવી છે

મોસ્કો, તા.૨૧

રશિયાએ યુક્રેન પર વર્ષનો ત્રીજો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે. રશિયન સેનાએ પશ્ચિમી ક્ષેત્રમાં ૫૭૦થી વધુ ડ્રોન અને ૪૦ મિસાઈલો ઝિંકી ભયાનક તબાહી મચાવી છે. તાજેતરમાં જ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વ્લોદોમીર ઝેલેન્સ્કીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે બેઠક યોજી હતી. બેઠક બાદ રશિયા-યુક્રેનનું યુદ્ધ બંધ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી, જોકે રશિયન સેનાનો તાજેતરનો હુમલો જતા એવું લાગી રહ્યું છે, બંને દેશો પાછીપાની કરવા તૈયાર નથી.

રશિયન સેનાએ આ વર્ષનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો હોવાનો યુક્રેન એરફોર્સે આજે (૨૧ ઓગસ્ટ) દાવો કર્યો છે. એરફોર્સે આક્ષેપ કર્યો છે કે, રશિયન સેનાએ ૫૭૪ ડ્રોન અને ૪૦ મિસાઈલો ઝિંકી તબાહી મચાવી છે. સેનાએ સૌથી વધુ યુક્રેનના પશ્ચિમ વિસ્તારોને ટાર્ગેટ કર્યા છે. યુક્રેન એરફોર્સના અધિકારીઓનું કહેવું છે કે, રશિયાના હુમલામાં એક નાગરિકનું મોત થયું છે, જ્યારે ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

હુમલા બાદ ઝેલેન્સ્કીએ પુતિન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, તાજેતરના હુમલાથી એવા સંકેત મળી રહ્યા છે કે, રશિયા કોઈપણ રીતે યુદ્ધવિરામ ઈચ્છતું નથી. મોસ્કો તરફથી યુદ્ધ બંધ કરાવવા કે પછી યોગ્ય વાતચીત કરવા માંગતું હોવાના કોઈપણ સંકેત મળ્યા નથી. યુક્રેનના વિદેશ મંત્રી એન્ટ્રી સાઈબિહાએ કહ્યું કે, 'રશિયન સેનાએ પશ્ચિમ યુક્રેનના એક મુખ્ય અમેરિકન ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચર કંપની પર હુમલો કર્યો છે.' ચોંકાવનારી વાત એ છે કે, રશિયાએ યુક્રેનના જે વિસ્તારમાં હુમલો કર્યો છે, તે યુદ્ધ ક્ષેત્રથી ઘણું દૂર આવેલું છે. રિપોર્ટ મુજબ, પશ્ચિમ દેશો યુક્રેનને આપેલા સૈન્ય હથિયારો તે જ વિસ્તારમાં પહોંચાડે છે. કદાચ આ જ કારણે રશિયાએ પશ્ચિમ યુક્રેનને ટાર્ગેટ કર્યું હોઈ શકે છે. અધિકારીઓએ કહ્યું કે, હુમલામાં ઉપયોગ કરાયેલ ડ્રોનની ગણતરી કરવામાં આવી છે, તે મુજબ યુક્રેન પર આ વર્ષનો સૌથી મોટો હુમલો કરાયો છે. ડ્રોન અને મિસાઈલોની ગણતરી મુજબ આ આઠમો સૌથી મોટો હુમલો હતો.

### પાક.ની સૌથી મોટી અને જૂની માનવ અધિકાર સંસ્થાએ સરકારને ઘેરી

# પાક.માં હિન્દુઓનું ધર્માંતરણ, મોબ લિન્ચિંગ, બળજબરીથી લગ્નો વધ્યા

## હિન્દુ સગીરાઓ પર ધર્માંતરણ અને લગ્ન માટે દબાણ કરાય છે, ઇશનિંદાના નામે નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે : પાક. માનવ અધિકાર પંચ

ઈસ્લામાબાદ, તા.૨૧

પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આ ખુલાસો પાકિસ્તાન માનવ અધિકાર સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ પરનો અત્યાચાર બહુ જ ઝડપથી વધી રહ્યો છે. અનેક હિન્દુ-ખ્રિસ્તી સગીરાઓનું ધર્માંતરણ કરવામાં આવે છે, સગીર વયે જ બળજબરીથી તેમની સાથે લગ્ન કરવામાં આવે છે. પાકિસ્તાન માનવ અધિકાર પંચ દ્વારા લાહોરમાં એક કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ, ખ્રિસ્તી, અહમદીસ વગેરે પર અત્યાચારોનું પ્રમાણ વધી રહ્યું છે. તેમના ધાર્મિક સ્થળોનો નાશ કરવામાં આવી રહ્યો છે. તેમનું ટાર્ગેટ કિલિંગ પણ વધી રહ્યું છે. સૌથી વધુ પંજાબ અને સિંધ પ્રાંતમાં હિન્દુ યુવતીઓને નિશાન બનાવવામાં આવી રહી છે. ધર્માંતરણ, બળજબરીથી લગ્ન કરવા તેમજ અપહરણ અને બળાત્કારની ઘટનાઓ સામે આવતી હોય છે. એવામાં હવે હિન્દુઓ પર ઈશનિંદાનો આરોપ લગાવીને તેમનું મોબ લિન્ચિંગ કરવાની ઘટનાનું પ્રમાણ પણ વધ્યું છે. હિન્દુઓ પર ગમે ત્યારે ઈશનિંદાનો આરોપ લગાવી દેવાય છે અને કટ્ટરવાદીઓ પોતે જ તેનો ફેસલો કરીને હત્યા માટે હુમલા કરી દે છે. પાક.માં કાયદો વ્યવસ્થા અને કોર્ટો કઈ જ નથી કરી રહ્યા છે. આ રિપોર્ટ બહાર પાડનારી એચઆરસીપી પાકિસ્તાનની સૌથી મોટી અને સૌથી જુની માનવ અધિકાર સંસ્થા છે. આ સંસ્થા કોઈ પણ રાજકીય પક્ષ કે સરકાર સાથે જોડાયેલી નથી. આ સંસ્થાની સ્થાપના મુસ્લિમો દ્વારા કરાઈ હતી અને હાલમાં સંસ્થાના મોટાભાગના સભ્યો પણ મુસ્લિમ છે. માનવ અધિકાર સંસ્થાએ ન માત્ર હિન્દુઓ પર અત્યાચારને લઈને ચિંતા વ્યક્ત કરી છે સાથે સાથે તેમના રક્ષણ માટે યોગ્ય પગલા લેવા પણ સરકારને ભલામણ કરી છે. આ સંસ્થાએ હિન્દુઓ વિરુદ્ધ કટ્ટરવાદીઓને ભડકાવનારા નેતાઓના ભાષણોનો પણ સમાવેશ કરાયો છે અને તેની આકરી ટીકા કરવામાં આવી છે. સંસ્થાએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે લોકોને હિંસા માટે ઉશ્કેરનારા નેતાઓની સામે તાત્કાલીક કડક પગલા લેવાની જરૂર છે. બીજી તરફ સંયુક્ત રાષ્ટ્રમાં મહિલાઓ પર અત્યાચાર મુદ્દે ભારતે પાકિસ્તાનને ઘેર્યું હતું અને ૧૯૭૧ના યુદ્ધ સમયે પૂર્વ પાકિસ્તાન (હાલ બાંગ્લાદેશ)માં મહિલાઓ પર જે અમાનવીય અત્યાચાર ગુઝારાયો તેને યાદ કરીને પાક.ની આકરી ટિકા કરી હતી.

### ભારત પર ઓફરનો વરસાદ

# અમેરિકાના ટેરિફ બોમ્બનો રશિયાએ છેદ ઉડાડ્યો!

મોસ્કો, તા.૨૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા વધારાનો ટેરિફ ફક્ત એટલા માટે લગાવ્યો છે કારણ કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે. ટ્રમ્પની આ ખોટી નીતિની અસર જોવા મળી રહી છે અને રશિયા હવે ખુલીને ભારતને સપોર્ટ કરી રહ્યું છે તથા એક પછી એક ઓફર આપી રહ્યું છે. રશિયાના ભારતમાં ઉપવેપાર પ્રતિનિધિ એવગેની ગ્રિવાએ કહ્યું કે રશિયા ભારતને ક્રૂડ ઓઈલની ખરીદી પર વધુ પાંચ ટકાની મોટી છૂટ આપશે જે વાતચીતના આધાર પર નક્કી થશે. રશિયાના સીનિયર ડિપ્લોમેટ રોમન બાબુશ્કિને એક અલગ નિવેદનમાં કહ્યું કે ભારતના સુદર્શન ચક્ર ડિફેન્સ સિસ્ટમના વિકાસમાં પણ રશિયા સામેલ થવા માંગે છે. રશિયા ઉપકરણોની રજૂઆત કરવા માંગે છે. અત્રે જણાવવાનું કે ગત અઠવાડિયે સ્વતંત્રતા દિવસ સમારોહના અવસરે દશને સંબોધિત કરતા પીએમ મોદીએ જાહેરાત કરી હતી કે ભારત એક નવી ડિફેન્સ સિસ્ટમ સુદર્શન ચક્ર વિકસિત કરશે. રોમન બાબુશ્કિને પ્રેસ કોન્ફરન્સની શરૂઆત હિન્દીમાં કરી. તેમણે કહ્યું કે અમે શરૂઆત કરીશું. શ્રીગણેશ કરીશું. બાબુશ્કિને કહ્યું કે ભારત માટે રશિયા સૈન્ય હાર્ડવેરનો મનપસંદ ભાગીદાર છે. સુદર્શન ચક્ર જેવા પ્રોજેક્ટ્સમાં સહયોગની શક્યતા છે. વાત જાણે એમ છે કે રશિયાના દૂતાવાસના મિશન ઉપ પ્રમુખ રોમન બાબુશ્કિને એ વાતનો ઉલ્લેખ કર્યો છે. તેમણે ભારતના આયર્ન ડોમ મિશન સુદર્શન ચક્ર ડિફેન્સ સિસ્ટમમાં રશિયાની ભાગીદારીની વાત કરી. તેમણે આશા વ્યક્ત કરી કે આ સિસ્ટમના વિકાસમાં રશિયાના ઉપકરણો સામેલ થશે. પ્રેસ કોન્ફરન્સમાં રોમન બાબુશ્કિને ભારત પર અમેરિકી ટેરિફ ઉપર પણ નિવેદન આપ્યું. તેમણે ભારતને રશિયન ઓઈલ ખરીદતું રોકવા માટે અમેરિકાના દબાણને ખોટું ગણાવ્યું. તેમણે કહ્યું કે વૈશ્વિક આર્થિક સ્થિરતા માટે આ યોગ્ય નથી. બીજી બાજુ સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના પૂર્વ રાજદૂત નિક્કી હેલીએ પણ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનને ચેતવણી આપતા કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનના ભારત સાથે સંબંધ એક પરેશાન કરનારા વળાંક પર છે. હડસન ઈન્સ્ટિટ્યૂટના ફેલો બિલ ડ્રેક્સેલ સાથે ન્યૂઝવીક માટે લખવામાં આવેલા એક લેખમાં નિક્કી હેલીએ લખ્યું કે ભારત સાથે સંબંધ મજબૂત કરવા એ અમેરિકાની એશિયા રણનીતિ માટે મહત્વપૂર્ણ છે. તેમણે ચેતવણી આપતા કહ્યું કે એશિયામાં ચીની પ્રભુત્વના પ્રતિકાર રૂપે કામ કરનારા એકમાત્ર દેશ (ભારત) સાથે ૨૫ વર્ષના સંબંધોની ગતિને રોકવી એક 'રણનીતિક આફત' હશે.

# મૃત સરકારી કર્મીની અપરિણીત, વિધવા પુત્રી પેન્શનની હકદાર : કેન્દ્ર

## પુત્રી લગ્ન ન કરે અથવા ફરીથી લગ્ન ન કરે અથવા પોતાનું ગુજરાન ચલાવવાનું શરૂ ન કરે ત્યાં સુધી ફેમિલી પેન્શન સુધી ચાલુ રહે છે

નવી દિલ્હી, તા.૨૧

મૃત સરકારી કર્મચારીઓની અપરિણીત, વિધવા અથવા છૂટાછેડા લીધેલી પુત્રીઓ કેટલીક ચોક્કસ શરતોને આધિન ફેમિલી પેન્શન મેળવવા માટે હકદાર છે. જો પુત્રી માતાપિતા પર આશ્રિત હોય તો તેને પેન્શનના લાભ મળી શકે છે. પુત્રી લગ્ન ન કરે અથવા ફરીથી લગ્ન ન કરે અથવા પોતાનું ગુજરાન ચલાવવાનું શરૂ ન કરે ત્યાં સુધી ફેમિલી પેન્શન સુધી ચાલુ રહે છે.લોકસભામાં રાજ્યકક્ષાના કેન્દ્રીય કર્મચારી પ્રધાન જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે મૃત સરકારી કર્મચારી અથવા પેન્શનરની છૂટાછેડા લીધેલી, વિધવા પુત્રીને પેન્શન મળે તે સુનિશ્ચિત કરવા માટે સેન્ટ્રલ સિવિલ સર્વિસ (પેન્શન) રૂલ્સ ૨૦૨૧માં કેટલીક જોગવાઈઓ કરાઈ છે. રેલ્વે અને સંરક્ષણ કર્મચારીઓ અને પેન્શનરો માટે અલગ નિયમો હેઠળ સમાન જોગવાઈઓ કરાઈ છે.નિયમોની સ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યું હતું કે જો મૃત સરકારી કર્મચારી અથવા પેન્શનર્સના ફેમિલી પેન્શનને ચાલુ રાખવા માટે જીવનસાથી અથવા લાયક પુત્ર ન હોય અથવા તેઓ મૃત્યુ પામ્યા હોય અથવા શરતો પૂર્ણ ન કરતાં હોય તો ફેમિલી પેન્શન અપરિણીત, વિધવા અથવા છૂટાછેડા લીધેલી પુત્રીને ચૂકવવાપાત્ર રહેશે.પ્રધાને આવા પેન્શન માટે બીજી કેટલીક શરતોનો પણ ઉલ્લેખ કર્યો હતો. વિધવા પુત્રીના કિસ્સામાં પતિનું મૃત્યુ સરકારી કર્મચારીના જીવનકાળ દરમિયાન થયેલું હોવું જોઈએ. છૂટાછેડા લીધેલી પુત્રીના કિસ્સામાં તેના છૂટાછેડા પણ સરકારી કર્મચારીના જીવનકાળ દરમિયાન થયેલા હોવા જોઈએ.

### ગઈકાલે લોકસભામાં થયું હતું પાસ

# રાજ્યસભામાં ભારે હોબાળા વચ્ચે 'ઓનલાઇન ગેમિંગ બિલ' પસાર

## વિવિધ ઓનલાઇન સટ્ટાબાજી એપ્સના આશરે ૨૨ કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી ૧૧ કરોડ નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે

નવી દિલ્હી, તા.૨૧

હવે દેશમાં ઓનલાઈન સટ્ટાબાજી દંડનીય ગુનો ગણાશે. લોકસભા બાદ હવે આજે (૨૧ ઑગસ્ટ) રાજ્યસભામાં પણ ઓનલાઈન ગેમિંગ બિલ પસાર કરી દેવાયું છે. એવું કહેવાય છે કે, આ બિલને મંજૂરી મળ્યા પછી સરકાર ઓનલાઈન સટ્ટાને પ્રોત્સાહન આપતી એપ્સ અને તેનું માર્કેટિંગ કરનારી હસ્તીઓ વિરુદ્ધ કાર્યવાહી કરશે. ગૃહમાં ભારે હોબાળા વચ્ચે ઓનલાઈન ગેમિંગ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. જેને મંજૂરી મળી ગઈ છે. વિવિધ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના આશરે ૨૨ કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી ૧૧ કરોડ નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે.

ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે લોકસભામાં ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગુલેશન બિલ રજૂ કર્યું હતું. તેમણે કહ્યું કે, ગત ૧૧ વર્ષમાં ડિજિટલ ટૅક્નોલૉજી ખૂબ ઝડપથી ફેલાઈ રહી છે. નવી ટૅક્નોલૉજી વિકસિત થઈ છે અને તેના કારણે દેશની એક નવી ઓળખ પણ બની છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ આગળ વધી રહ્યા છે. ટૅક્નોલૉજીના અનેક લાભ છે, પરંતુ તેનું એક સેક્ટર એવું છે ઓનલાઈન ગેમિંગ, જે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સેક્ટર બન્યું છે.

ગેમિંગ સેક્ટરમાં ત્રણ સેગમેન્ટ છે. પહેલું સેગમેન્ટ છે ઈ-સ્પોર્ટ્સનું સેગમેન્ટ, જેમાં સ્ટ્રેટેજિક થિંકિંગ વધે છે અને વ્યક્તિ ટીમમાં કોઓર્ડિનેશન કરવાનું શીખે છે. બીજું સેગમેન્ટ છે ઓનલાઈન સોશિયલ ગેમ્સ. આપણે સૌએ ચેસ, સોલિટેયર, સુડોકુ જોઈ છે.આ એજ્યુકેશન, મેમરી વધારવા માટે પણ ઉપયોગી છે. ત્રીજું સેગમેન્ટ એવું છે, ઓનલાઈન મની ગેમ્સ, જે આજે સમાજમાં મોટી ચિંતાનો વિષય બન્યું છે. અનેક એવા પરિવારો છે, અનેક એવા વ્યક્તિઓ છે, જેમણે ઓનલાઈન મની ગેમ્સના કારણે એક એડિક્શન થઈ જાય છે. જીવનભરની કમાણી આવી બચત ગેમમાં ઉડાવી દેવામાં આવે છે. ફ્રોડ અને ચીટિંગ, અલ્ગોરિધમ્સ એવા હોય છે કે ખબર જ ન પડે કે કોણ કોની સાથે રમત રમી રહ્યું છે. અલ્ગોરિધમ્સ ઓપેક... અલ્ગોરિધમ્સ હોય છે, હાર નક્કી થઈ જાય છે. અનેક પરિવાર નષ્ટ થયા, એક્સટ્રીમ કેસ થયા, સુસાઇડ પણ થયા.

કર્ણાટકમાં ૩૧ મહિનામાં ૩૨ સુસાઇડ થયા છે. આનાથી નક્કી થાય છે કે મની ગેમિંગના કારણે સીરિયસ ઈમ્પેક્ટ આવી રહી છે. મની લોન્ડ્રિંગ થઈ રહ્યું છે, ટેરર સપોર્ટ થઈ રહ્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ઓનલાઈન ગેમિંગનું ડિસઓર્ડર એક નવું જાહેર કર્યું છે. આ બિલમાં બે ભાગ છે. ત્રણ સેગમેન્ટમાંથી બે સેગમેન્ટ - ઈ સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમિંગને સરકાર પ્રમોટ કરવા ઈચ્છે છે. ઈ-સ્પોર્ટ્સ અને સોશિયલ ગેમિંગને પ્રોત્સાહન આપવા માટે ઑથોરિટી બનાવવા, ગેમ મેકર્સને મદદ કરવા અને યોજનાઓ બનાવવાની વાત કરી. પરંતુ જ્યારે સમાજ અને સરકારના રેવેન્યુની વાત આવે છે, આ બંને વચ્ચે વડાપ્રધાન મોદીએ હંમેશા સમાજને ધ્યાનમાં રાખ્યો છે. મધ્યમ વર્ગીય પરિવારોને જ પ્રથમ રાખ્યા છે. વડાપ્રધાન મોદીએ તેના પર ક્યારે સમજૂતી નથી કરી અને આ બિલમાં પણ સમાજને જ પ્રાથમિકતા આપવામાં આવી છે. સમાજમાં એક જે ખૂબ મોટી નબળાઈ આવી રહી છે, તેનાથી બચવા માટે આ બિલ લવાયું છે. આ બિલને સર્વસંમતિથી પસાર કરવાની માગ કરાઈ છે. જો કે, બિહાર જૈંઈ પર ચર્ચાની માગને લઈને વિપક્ષ હોબાળાના કારણે આ બિલ પર ચર્ચા શરુ થઈ શકી નથી. આ બિલ વગર ચર્ચાએ ધ્વનિમતથી પસાર કરાયું અને ત્યારબાદ સ્પીકર ઓમ બિરલાએ લોકસભાની કાર્યવાહી ૨૧ ઑગસ્ટના દિવસે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી દીધી.

### કરિયર બચાવવા માટે રોહિત શર્માનો મોટો નિર્ણય

# રોહિત ઓસ્ટ્રેલિયા-A વિરુદ્ધ 3 વનડે મેચ રમે તેવી અટકળો

## રોહિત શર્મા આ સીરિઝમાં સારું પ્રદર્શન કરીને કોન્ફિડન્સ સાથે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર જવા માગે છે

નવી દિલ્હી, તા.૨૧

રોહિત શર્માને લઈને તાજેતરમાં અનેક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તે ઓક્ટોબરમાં ઑસ્ટ્રેલિયા સામે સીરિઝ બાદ વનડે ઈન્ટરનેશનલમાંથી પણ સંન્યાસ લઈ શકે છે. જોકે, રોહિતની એક્શન તો કંઈક બીજી જ દિશા દર્શાવી રહી છે. હવે કરિયર બચાવવા માટે રોહિત ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા ભારતમાં ઑસ્ટ્રેલિયા-છ વિરુદ્ધ સીરિઝમાં રમવા ઈચ્છે છે. રોહિત આ સીરિઝમાં સારું પ્રદર્શન કરીને કોન્ફિડન્સ સાથે ઑસ્ટ્રેલિયા પ્રવાસ પર જવા માગે છે.

એક અહેવાલ પ્રમાણે રોહિતે ઑસ્ટ્રેલિયા સીરિઝ પહેલાઑસ્ટ્રેલિયા-છ વિરુદ્ધ ૩૦ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર વચ્ચે રમાનારી અનઓફિશિયલ વનડે સીરિઝમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ઓસ્ટ્રેલિયા-છ ટીમ સપ્ટેમ્બરમાં ભારતના પ્રવાસ પર આવશે અને અહીં ભારત-છ ટીમ સામે બે અનઓફિશિયલ ટેસ્ટ મેચ અને ત્રણ વનડે મેચ રમશે. બંને ટેસ્ટ મેચ લખનઉમાં રમાશે, જ્યારે વનડે મેચ કાનપુરમાં રમાશે.

એવું માનવામાં આવી રહ્યું છે કે, રોહિતને ઑસ્ટ્રેલિયા પ્રવાસ બાદ વનડેના ભવિષ્ય વિશે વિચારવા માટે કહેવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં રોહિત એ દરેક પ્રયાસ કરી રહ્યો છે, જેનાથી તેનું ટીમમાં સ્થાન બની રહે. રોહિત કદાચ એટલે જ ઑસ્ટ્રેલિયા-છ વિરુદ્ધ રમવા માટે તૈયાર થઈ રહ્યો છે, જેથી તે પોતાના પ્રદર્શનથી લોકોને જવાબ આપી શકે.

વનડે ટિમનો કોપ્ટન રોહિત ભારત માટે છેલ્લી વાર વનડે મેચ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિતે શાનદાર પ્રદર્શન કર્યું હતું. રોહિતે ન્યુઝીલેન્ડ સામે ફાઈનલમાં શાનદાર અડધી સદી ફટકારી હતી. રોહિતે ૭૬ રનોની ધમાકેદાર ઈનિંગ રમી હતી. રોહિતે ભારતને ટ્રેફી જીતાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તમને જણાવી દઈએ કે, રોહિત ટેસ્ટ અને T20 ઈન્ટરનેશનલથી સંન્યાસ લઈ ચૂક્યો છે. રોહિતે વર્ષ ૨૦૨૪માં T20 વર્લ્ડ કપ જીત્યા બાદ T20 ઈન્ટરનેશનલને અલવિદા કહી દીધુ હતું. ત્યારબાદ આ જ વર્ષે મે મહિનામાં રોહિતે ટેસ્ટ ક્રિકેટથી પણ સંન્યાસ લઈને ચાહકોને હેરાન કરી દીધા હતા. રોહિત હવે ભારત માટે વનડે રમતો દેખાશે.

### હાનિકારક ચીજવસ્તુઓ પર થઈ શકે છે ૪૦% દર લાગુ

# GST માં થશે મોટો ફેરફાર, ૧૨%, ૨૮% સ્લેબ ખતમ કરવાની ભલામણ

## GST દરોને તર્કસંગત બનાવવા અંગે રાજ્યોના નાણામંત્રીઓના જૂથ (GoM) ની મહત્વપૂર્ણ બેઠકમાં કેન્દ્ર સરકારના પ્રસ્તાવને સ્વીકારવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકારનો જીએસટી સ્લેબમાં ઘટાડો કરવાનો પ્રસ્તાવ ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ(GOM)ની બેઠકમાં સ્વીકારવામાં આવ્યો છે. દિવાળી સુધીમાં જીએસટીનો ૧૨ ટકા અને ૨૮ ટકાનો સ્લેબ દૂર થવાની સંભાવના પ્રબળ બની છે. કેન્દ્ર સરકારના જીએસટી સ્લેબમાં સુધારાના પ્રસ્તાવને આજે ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે જીએસટીના સ્લેબ ચારથી ઘટાડી બે કરવા ભલામણ કરી હતી. જીએસટીમાં હાલ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા એમ ચાર સ્લેબ લાગુ છે. જે ઘટાડી ૫ ટકા અને ૧૮ ટકા કરવાની દરખાસ્ત થઈ હતી.

બિહારના ઉપ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળ યોજાયેલી છ સભ્યોની GOMએ કેન્દ્ર સરકારના ગુડ્સ એન્ડ સર્વિસિઝ પર ટેક્સ સ્લેબ ઘટાડી ૫ ટકા અને ૧૮ ટકા કરવાની માગ સ્વીકારી છે. તેમજ લક્ઝરી અને હાનિકારક પદાર્થો પર જીએસટી ૪૦ ટકા લાગુ કરવાની ભલામણને પણ મંજૂરી આપી છે. ઁસ્ની બેઠકમાં ઉત્તર પ્રદેશના નાણા મંત્રી સુરેશ કુમાર ખન્ના, રાજસ્થાનના આરોગ્ય મંત્રી ગજેન્દ્રસિંહ, પશ્ચિમ બંગાળના નાણા મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્ય, કર્ણાટકના રેવેન્યુ મંત્રી ક્રિષ્ના ગોવડા, અને કેરળના નાણા મંત્રી કેએન બાલાગોપાલ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકને નાણા મંત્રી નિર્મલા સીતારમણે સંબોધી હતી.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે GoMની બેઠકને સંબોધતા કહ્યું હતું કે, જીએસટીના દરોમાં સુધારો સામાન્ય પ્રજા, ખેડૂતો, મધ્યમ વર્ગ તેમજ એમએસએમઈને મોટી રાહત આપશે. જે કરમાળખામાં સુલભતા અને પારદર્શકતા વધારશે. તેમજ દેશના વિકાસને વેગ આપશે.

જીએસટી સ્લેબમાં ઘટાડો કરવાથી ૧૨ ટકા અને ૨૮ ટકાના સ્લેબમાં સામેલ ચીજવસ્તુઓ અને સેવાઓને ૫ ટકા અને ૧૮ ટકાના સ્લેબમાં આવરી લેવામાં આવશે. જેમાં ૧૨ ટકાના સ્લેબમાં સામેલ ૯૯ ટકા ગુડ્સ એન્ડ સર્વિસને ૫ ટકા જ્યારે ૨૮ ટકાના સ્લેબમાં સામેલ ૯૦ ટકા ચીજવસ્તુઓને ૧૮ ટકાના સ્લેબમાં આવરી લેવામાં આવશે. આ પગલાંથી જીએસટી વધુ સુલભ બનશે તેમજ તેનું વ્યાપક નિયમન થઈ શકશે.

GOMએ કેન્દ્ર સરકારના હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પર જીએસટી ઘટાડવાની ભલામણની પણ સમીક્ષા કરી હતી. જેના અમલથી જીએસટી આવક વાર્ષિક રૂ. ૯૭૦૦ કરોડનું નુકસાન થવાની ભીતિ છે. તેમ છતાં મોટાભાગના રાજ્યોએ આ સુધારાને સમર્થન આપ્યું છે. જેથી પોલિસીધારકોને લાભ મળી શકે. જીએસટી કાઉન્સિલ આ મામલે આગામી બેઠકમાં નિર્ણય લેશે. તેમજ જીએસટી સ્લેબમાં ઘટાડાની દરખાસ્તને આગામી બેઠકમાં અંતિમ મંજૂરી આપી શકે છે.

આજે નાણા મંત્રીઓના જૂથ (GoM)ની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેન્દ્ર સરકારના GSTના દરોને સરળ બનાવવા પ્રસ્તાવને સ્વીકારવામાં આવ્યો છે. હવે આ પ્રસ્તાવને આગામી દિવસોમાં યોજાનાર GST કાઉન્સિલની બેઠકમાં રજૂ કરવામાં આવશે અને આ બેઠકમાં જ ફાઈનલ નિર્ણય લેવામાં આવશે. GSTના મામલે નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે દરોને તર્કસંગત બનાવવાથી સામાન્ય માણસ, ખેડૂતો, મધ્યમ વર્ગ અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) ને વધુ રાહત મળશે. ઉપરાંત, એક સરળ અને પારદર્શક કર વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે.નોધનીય છે કે, હાલમાં ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના દરે GST લાગુ થાય છે. ખાદ્ય અને આવશ્યક વસ્તુઓ પર શૂન્ય અથવા ૫ ટકા GST લાગે છે. જ્યારે લક્ઝરી અને તમાકુ જેવી વસ્તુઓ પર ૨૮ ટકા GST લાગે છે, આ ઉપરાંત આ વસ્તુઓ પર સેસ પણ લાગે છે.

### ઇન્ડિયા એલાયન્સ ઉમેદવાર સાથે દેખાયા રાહુલ ગાંધી

# ઉપરાષ્ટ્રપતિ પદ માટે બી સુદર્શન રેડ્ડીએ ભર્યું ઉમેદવારી પત્ર

## ઇન્ડિયા એલાયન્સ ઉમેદવાર બી. સુદર્શનનો મુકાબલો એનડીએ ઉમેદવાર સીપી રાધાકૃષ્ણન સાથે થશે

નવી દિલ્હી, તા.૨૧

ઈન્ડિયા એલાયન્સના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ ગુરુવારે (૨૧ ઓગસ્ટ) પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. આ દરમિયાન કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, સાંસદ રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવ અને સંજય રાઉત સહિત તમામ વિપક્ષી નેતાઓ હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં સુદર્શન રેડ્ડીનો સામનો એનડીએ ઉમેદવાર સીપી રાધાકૃષ્ણન સાથે થશે.

ચાર ઉમેદવારીપત્રો દાખલ કરવામાં આવ્યા છે, જેના પર કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, ડીએમકેના તિરુચી શિવ અને ૧૬૦ સાંસદોએ પ્રસ્તાવક અને સમર્થક તરીકે સહી કરી છે. સુદર્શન રેડ્ડી સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને ગોવાના લોકાયુક્ત છે. હવે બંને પક્ષોના ઉમેદવારોએ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી નોંધાવી છે. એનડીએના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણને ગઈકાલે ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન તેમની સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કિરેન રિજિજુ, ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા, જ્યાં પીએમ મોદી પ્રથમ પ્રસ્તાવક બન્યા હતા. તમને જણાવી દઈએ કે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ છે. ભારતીય ચૂંટણી પંચ (ECI) એ તેની ચૂંટણી માટે જાહેરાત કરી છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીની તારીખ ૯ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું ત્યારથી તેની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વિપક્ષી ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીના નામાંકન વિશે માહિતી શેર કરી છે. તેમણે સુદર્શન રેડ્ડીના નિવેદન ધરાવતો પત્ર શેર કર્યો છે.

### તેઓ કોઈ ફિલ્મ નહીં પણ એક ઇન્ટરવ્યૂ માટે એકસાથે આવી રહ્યાં છે

# પ્રભાસ અને અનુષ્કા શેટ્ટી ૮ વર્ષ પછી ફરી સાથે જોવા મળશે

## 'બાહુબલી'ના બંને ભાગોમાં પ્રભાસ અને અનુષ્કા એકબીજા સાથે એક્ટિંગ કરતાં જોવાં મળ્યાં હતાં



મુંબઈ, તા.૨૧

બાહુબલીના કલાકારો પ્રભાસ અને અનુષ્કા શેટ્ટી આઠ વર્ષ પછી પહેલી વાર સ્ક્રીન પર ફરી એકસાથે જોવા મળશે. ચાહકોને આ જોડીની કેમેસ્ટ્રી ઓનસ્ક્રીન ખૂબ જ પસંદ આવી છે અને તેઓ ટૂંક સમયમાં ડિજિટલ સ્ક્રીન પર આ જોડીના ઈન્ટરવ્યુની રાહ જોઈ રહ્યા છે.કેટલાક અહેવાલો અનુસાર, સાઉથના સિનેમાને પૅન ઈન્ડિયા રિલીઝનો એક નવો રસ્તો ચીંધનાર ફિલ્મ 'બાહુબલી'ને દસ વર્ષ પૂરા થવા પર, એસ.એસ. રાજામૌલી દ્વારા દિગ્દર્શિત તેમના મેગ્નમ ઓપસના પહેલા ભાગ વિશે વાતચીત માટે કલાકારોની એક રાઉન્ડ ટેબલ ચર્ચા યોજાવાની છે. જોકે, આ કોઈ ઈન્ટરવ્યુ હશે કે પછી માત્ર વાતોમાં યાદો તાજી થશે તેના ફોર્મેટ વિશે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, તો પણ તેઓ ફરી એકસાથે આવશે તે જાહેરાતથી જ દર્શકો ઉત્સાહિત થયા છે.'બાહુબલી'ના બંને ભાગોમાં પ્રભાસ અને અનુષ્કા એકબીજા સાથે એક્ટિંગ કરતાં જોવાં મળ્યાં હતાં. બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું અને ચાહકો આ જોડીની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રીથી ખૂબ જ ખુશ થયા. [

ફલ્મનો પહેલો ભાગ રાજા અમરેન્દ્ર બાહુબલીના પુત્ર મહેન્દ્ર બાહુબલીના પાત્ર પર કેન્દ્રિત હતો. થોડા વર્ષો પછી, અનુશ્કા શેટ્ટી અને પ્રભાસ ફિલ્મ ફ્રેન્ચાઈઝની સિક્વલમાં, 'બાહુબલીઃ ધ કન્ક્લુઝન'માં પણ જોવા મળ્યાં હતાં. જ્યારે ફિલ્મે 'કટપ્પાએ બાહુબલીને કેમ માર્યો?' તે અંગેના સૌથી વધુ પૂછાતા પ્રશ્નનો જવાબ આપ્યો, તે સમયે બંને કલાકારોને છેલ્લી વખત સાથે જોવા મળ્યા હતાં.

### પછી જજ સાહેબ આપશે મંજૂરી

# CM યોગી પર બનેલી ફિલ્મ સૌથી પહેલા હાઈકોર્ટ જોશે

## સોમવારે આદેશ જાહેર કરવામાં આવશે : આ ફિલ્મ યોગી આદિત્યનાથના જીવન પર આધારિત છે

મુંબઈ, તા. ૨૧

બોમ્બે હાઈકોર્ટે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જીવન પર આધારિત ફિલ્મ અજયઃ ધ અનટોલ્ડ સ્ટોરી જોવાનો નિર્ણય લીધો છે. કોર્ટ આ સપ્તાહના અંતે ફિલ્મ જોશે અને સોમવારે પોતાનો આદેશ આપશે.

મુંબઈ હાઈકોર્ટે ગુરુવારે કહ્યું કે તે ફિલ્મ અજયઃ ધ અનટોલ્ડ સ્ટોરી જોયા પછી ફિલ્મ નિર્માતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નિર્ણય લેશે, જેમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા ફિલ્મને પ્રમાણિત કરવાના ઈનકારને પડકારવામાં આવ્યો હતો. આ ફિલ્મ ધ મોન્ક હુ બિકેમ ચીફ મિનિસ્ટર પુસ્તકથી પ્રેરિત છે અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જીવન પર આધારિત હોવાનું કહેવાય છે.

ન્યાયાધીશ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની બેન્ચે ગુરુવારે ફિલ્મ નિર્માતાઓને ફિલ્મની એક નકલ કોર્ટમાં સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો, જેમાં સીબીએફસી દ્વારા ચિહ્નિત કરેલા દ્રશ્યો અથવા ભાગોને સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યા હોય. ફિલ્મ જે પુસ્તક પર આધારિત છે તેની એક નકલ કોર્ટમાં પહેલાથી જ સબમિટ કરવામાં આવી છે. ૭ ઓગસ્ટના અગાઉના આદેશમાં, કોર્ટે સીબીએફસીને ફિલ્મ જોવા અને ફિલ્મ નિર્માતાઓ સાથે તેના વાંધા ૧૧ ઓગસ્ટ સુધીમાં શેર કરવાનો નિર્દેશ આપ્યો હતો જેથી તેઓ જરૂરી ફેરફારો કરી શકે.

સીબીએફસીની તપાસ સમિતિએ ૧૧ ઓગસ્ટના રોજ ૨૯ વાંધાઓની યાદી આપી હતી. જોકે, ફિલ્મ નિર્માતાઓએ ૧૨ ઓગસ્ટ સુધી કોઈ જવાબ આપ્યો ન હતો કે કોઈ ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો ન હતો. તેથી સીબીએફસીની રિવાઈઝિંગ કમિટીએ ફિલ્મ જોવાનું નક્કી કર્યું. રિવાઈઝિંગ કમિટીએ અગાઉના ૮ વાંધાઓ દૂર કર્યા, પરંતુ આખરે ૧૭ ઓગસ્ટના રોજ પ્રમાણપત્ર નકારી કાઢ્યું. સોમવારે (૧૮ ઓગસ્ટ) ફિલ્મ નિર્માતાઓએ રિવાઈઝિંગ કમિટીના રિવાઈઝિંગ ઓર્ડરને પડકારવા માટે તેમની અરજીમાં સુધારો કરવાની પરવાનગી માંગી. ત્યારબાદ કોર્ટે આજે એટલે કે ગુરુવારે આ મામલાની સુનાવણી નક્કી કરી, જેથી પહેલા નક્કી કરી શકાય કે સુધારેલી અરજી સ્વીકાર્ય છે કે નહીં કારણ કે સિનેમેટોગ્રાફ એક્ટ હેઠળ અપીલ પદ્ધતિ ઉપલબ્ધ છે.

CBFC વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભય ખાંડેપારકરે કોર્ટને જણાવ્યું હતું કે બોર્ડે સમગ્ર પ્રક્રિયા દરમિયાન કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કર્યું છે અને ફિલ્મ નિર્માતાઓ પાસે હજુ પણ સિનેમેટોગ્રાફ એક્ટ હેઠળ હાઈકોર્ટમાં અપીલ કરવાનો ઉપાય છે. જોકે, ફિલ્મ નિર્માતાઓએ દલીલ કરી હતી કે આ અરજી આ કોર્ટ સમક્ષ સ્વીકાર્ય છે. તેમના તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રવિ કદમે દલીલ કરી હતી કે CBFC રિવાઈઝિંગ કમિટીનો અસ્વીકાર માત્ર ફિલ્મ નિર્માતાના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતું નથી, પરંતુ CBFC એ ફિલ્મની રજૂઆત પહેલાં ખાનગી વ્યક્તિ (યોગી આદિત્યનાથ) પાસેથી NOC મેળવવાનો નિર્દેશ આપીને તેના અધિકારક્ષેત્રની બહાર પણ કાર્ય કર્યું છે.

### રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું

# આગામી સાત દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં આગામી સાત દિવસ માટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. આજે, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે, જેના કારણે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

જ્યારે, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદ થવાની શક્યતા છે, જેને ધ્યાનમાં રાખીને યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદની શક્યતા હોવાથી, માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૭૮ ટકા વરસાદ વરસ્યો હતો. રાજ્યના ૭૦ ડેમ હાઈએલર્ટ પર છે જ્યારે ૩૫ ડેમ એલર્ટ અને ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર પર છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૭૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે.

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૮.૯૯ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં, કચ્છમાં ૭૮.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૬.૩૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૪.૬૭ ટકા જ્યારે પૂર્વ-મધ્યમાં ૭૧.૯૭ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઈઁઝ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. વધુમાં કહેવામાં આવ્યું હતું કે સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૭૯.૩૭ ટકા ભરાયેલો છે.

સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૫૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૩૦ ડેમ ૨૫ ટકાથી ૫૦ ટકા વચ્ચે અને ૧૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૫ ડેમ એલર્ટ તથા ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

### દ.ગુજરાતમાં સૌથી વધુ ૭૮ ટકા

# અત્યાર સુધીમાં રાજ્યમાં સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો

## રાજ્યના ૭૦ ડેમ હાઈએલર્ટ, ૩૫ ડેમ એલર્ટ ઉપર

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૮.૯૯ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં, કચ્છમાં ૭૮.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૬.૩૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૪.૬૭ ટકા જ્યારે પૂર્વ-મધ્યમાં ૭૧.૯૭ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૭૯.૩૭ ટકા ભરાયેલો છે. સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૫૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૩૦ ડેમ ૨૫ ટકા થી ૫૦ ટકા વચ્ચે અને ૧૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૫ ડેમ એલર્ટ તથા ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ તાલુકાઓમાં ૧૩ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૧૩ ઈંચથી વધુ, કેશોદ તાલુકામાં ૧૧ ઈંચથી વધુ, વંથલી તાલુકામાં ૧૦ ઈંચથી વધુ તેમજ પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં ૧૦ ઈંચ અને નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૯ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

ચોમાસાની સ્થિતિમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની એસ.ટી બસોના સફળ આયોજનના પરિણામે નહિવત ટ્રીપો રદ કરીને ૧૪ હજાર થી વધુ રૂટ ઉપર ૪૦ હજારથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને વાહન વ્યવહારની સુવિધા નાગરિકોને પહોચાડવામાં આવી છે.

### સાત મહિનામાં ૮૭૦ કરોડ રૂપિયાના બોન્ડ ખરીદ્યા

# રાષ્ટ્રપ્રમુખ બન્યા બાદ ટ્રમ્પની સંપત્તિમાં ધરખમ વધારો

## છેલ્લા સાત મહિનામાં ટ્રમ્પે ૧૦૦ મિલિયન ડોલર (લગભગ ૮૭૦ કરોડ)થી વધુનું રોકાણ કરીને અનેક ક્ષેત્રોમાં શેર ખરીદ્યા

વોશિંગ્ટન, તા.૨૧


અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સંપત્તિ અંગે ૩૩ પાનાની સરકારી ફાઈલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રિપોર્ટ મુજબ તેઓ બીજી વખત રાષ્ટ્રપ્રમુખ બન્યા બાદ તેમની સંપત્તિમાં ધરખમ વધારો થયો છે. છેલ્લા સાત મહિનામાં ટ્રમ્પે ૧૦૦ મિલિયન ડોલર (લગભગ ૮૭૦ કરોડ)થી વધુનું રોકાણ કરીને અનેક ક્ષેત્રોમાં શેર ખરીદ્યા છે. યુએસ ઑફિસ ઑફ ગવર્નમેન્ટ એથિક્સ (OGE) રિપોર્ટ મુજબ, ૨૦ જાન્યુઆરીના રોજ ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્રપતિ પદનો કાર્યભાર સંભાળ્યો, ત્યારબાદ ૨૧ જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ટ્રમ્પે ૧૦૦ મિલિયન ડોલરથી વધુ, એટલે કે લગભગ ૮૭૦ કરોડ રૂપિયાના બોન્ડ ખરીદ્યા છે. અગાઉ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, આ તમામ ટ્રાન્ઝેક્શન્સ થર્ડ પાર્ટી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યા છે, પરંતુ આખરે આ તમામ પૈસા ટ્રમ્પના હોવાથી, તેમના પર સરકારના નિર્ણયોનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરવાનો આરોપ પણ લાગી રહ્યો છે.

ટ્રમ્પે આ રોકાણ મુખ્યત્વે યુએસ કોર્પોરેટ, સ્થાનિક મ્યુનિસિપલ અને રાજ્યના ડેટ સિક્યોરિટીઝમાં કર્યું છે. તેમાં મુખ્યત્વે સિટીગ્રુપ, મોર્ગન સ્ટેનલી, વેલ્સ ફાર્ગો, મેટા, ક્વોલકોમ, ધ હોમ ડેપો, ટી-મોબાઈલ યુએસએ અને યુનાઈટેડ હેલ્થ ગ્રુપ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ટ્રમ્પે બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદ રાજ્યો, કાઉન્ટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, કુદરતી ગેસ ઉત્પાદક સંસ્થાઓ અને અન્ય સ્થાનિક મ્યુનિસિપાલિટીઝ દ્વારા જારી કરાયેલા બોન્ડ્સમાં રોકાણ કર્યું છે.

દરમિયાન, ટ્રમ્પની સંપત્તિ અંગે અલગ-અલગ આંકડા સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૪માં ટ્રમ્પની સંપત્તિમાં ૬૦૦ મિલિયન ડોલર (લગભગ ૪,૯૮૦ કરોડ રૂપિયા)નો વધારો થયો હોવાનું સરકારી આંકડાઓ પરથી સ્પષ્ટ થયું છે. તેમાં ક્રિપ્ટોકરન્સી, ગોલ્ફ પ્રોપર્ટી, લાયસન્સિંગ ડીલ્સ અને અન્ય ઉદ્યોગોમાંથી એકઠા થયેલા નફાનો સમાવેશ થાય છે. ટ્રમ્પની કુલ સંપત્તિ ઓછામાં ઓછી ૧.૬ બિલિયન ડોલર (લગભગ ૧૩,૯૬૦ કરોડ રૂપિયા) છે. બોન્ડ એટલે ફિક્સ્ડ ઈક્મ ઈન્વેસ્ટમેન્ટ... આમાં કંપની અથવા સરકાર રોકાણકાર પાસેથી પૈસા લઈને નિશ્ચિત વ્યાજ ચૂકવે છે. નિષ્ણાતો કહે છે કે, જો યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દર ઘટાડે છે, તો ટ્રમ્પનું રોકાણો વધુ નફો આપશે, કારણ કે વ્યાજ દર ઘટવાથી બોન્ડની કિંમત વધે છે.

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા ભુરખીયા ખાતે નેત્રમણી કેમ્પ યોજાયો







લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા અવિરત ચાલી રહેલ જનસેવા કાર્ય અંતર્ગત સુપ્રસિધ્ધ યાત્રાધામ ભુરખીયા ગામે વિનામૂલ્ય નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામા આવેલ. કેમ્પમાં મોતીયો, ઝામર, વેલ, પરવાળા, ત્રાસી આંખ, કીકી, પડદા સહિતના રોગોની તપાસ નિષ્ણાંત ડોકટર તેમજ નિલેષભાઈ ભીલ અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરીયાતમંદ દર્દીઓને અમરેલી ખાતે લાવીને મોતીયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપવામાં આવેલ. નેત્ર જાળવણી માટે પત્રીકાનું વિતરણ કરવામાં આવેલ, બહોળા પ્રમાણમા દર્દીઓએ કેમ્પનો લાભ ઉઠાવેલ જેમા ૧૦૮ ઓપીડી, ૩૧–મોતીયા ૨–વેલના ઓપરેશન સાથે ૧૬ વ્યકિતને ચશ્મા વિતરણ કરવામા આવ્યા. કેમ્પને સફળ બનાવવા ભુરખીયા મંદિર ટ્રસ્ટ પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ ૠજુલભાઈ ગોંડલીયા, બિમલભાઈ રામદેવપુત્રા, એમ.એમ. પટેલ, ભદ્રેશસિંહ પરમાર, વોલેન્ટર રમેશભાઈ શીંગાળા, મંદિરના પુજારી ગોપાલભાઈ મંદિર સ્ટાફએ જહેમત ઉઠાવી હતી તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવેલ છે.

### જાહેર માર્ગો પર અકસ્માતની ઘટનાં નિવારવા હેતુ

## બાબરાનાં પોલીસ ઈન્સ્પેકટર કે.બી. જાડેજા એ ગૌ સેવા માટે અનેરૂ કાર્ય કર્યુ

### ગાયોને હરિઓમ ગૌશાળાનાં સહયોગથી રેડિયમ બેલ્ટ લગાવાયા




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરા ખાતે રાજકોટ ભાવનગર હાઈવે નીકળતો હોય અવાર નવાર રોડ અકસ્માતમાં નધણીયાતા ઢોર જેઓ રસ્તામાં રોડ ઉપર બેસતા હોય. જેના લીધે એક બે દિવસે અકસ્માતના બનાવો હોય. બાબરા હરિ ઓમ ગૌશાળા ખાતે ફોન આવતા હોય છે. રેસ્કયુ કરવા બાબત ત્યારે બાબરા હરિ ઓમ ગૌ શાળા તથા શહિદ ભગતસિંહ ગ્રુપ ધ્વારા રેઢીયાર ઢોરો રીફલેકસન લાઈટીંગ રેડિયમ વાળા બેલ્ટ બાંધવામાં આવ્યા હતા. જે બેલ્ટ ઢોરના ગળામાં પહેરાવવામાં આવે છે. જેથી ફોરવિલ કે કોઈ વાહનની લાઈટ માથે પડે તો તે ચમકે છે. અને અકસ્માત ઓછા થાય છે. એ બેલ્ટની કામગીરી જોતા એ સમયે બાબરા પી .આઈ. કે.બી. જાડેય ધ્વારા એવા બેલ્ટ મંગાવવા માટે પુછ પરછ કરેલી હરિ ઓમ ગૌ શાળા ગ્રુપ અને પી.આઈ.ના યોગદાન ને લીધે બીજા ૧૦૦૦ બેલ્ટ મંગાવવામાં આવ્યા હતા. તેને લગાવવાની કામગીરીમાં શહિદ ભગતસિંહ ગ્રુપ તથા ગૌ શાળા ગ્રુપ અને ભગવાધારી ગ્રુપ બેલ્ટ લગાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે.

બેલ્ટ મંગાવવાનો સંપૂર્ણ ખર્ચ પી .આઈ. ધ્વારા ચુકવવામાં આવેલ હતો. જે કામગીરીને બિરદાવવા માટે ગૌ સેવા ગ્રુપ બાબરા ભગવધારી ગ્રુપ બાબરા તથા વિશ્વ હિંદુ પરિષદ અધ્યક્ષ ગજેન્દ્રભાઈ શેખવા, બજરંગદળ અધ્યક્ષ ઈન્દ્રજીતસિંહ ચૌહાણ, બજરંગદળ મંત્રી હરેશભાઈ ધોળકીયા ધ્વારા પી.આઈ.જાડેજાને રૂબરૂ મળી તેમના આભાર વ્યકત કરેલ હતો. અને દરેક જિલ્લામાં કે ગુજરાતમાં બીજા અધિકારીઓ પણ આ બાબત નોધ લે અને ગ્રાઉડ લેવલ પડતી મુશ્કેલીઓને સમજી અને સ્થાનિક એન્જીઓ કે સંસ્થાઓને પ્રોત્સાહિત કઈ રીતે કરી શકાય તેનું ઉતમ ઉદાહરણ પી.આઈ. કે.બી. જાડેજા પુરૂ પાડયું હતું.

### પાના ૧ ઉપરનું ચાલું બાળકી ઉપર શ્વાને કર્યો હુમલો

આ બાળકીના મોઢાના ભાગે ગંભીર ઈજા કરી દેતા. ઘવાયેલ પ્રથમ બાબરા ખાતે આવેલ દવાખાને પ્રાથમિક સારવારમાં આપવામાં આવી હતી. અને ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જશવંતગઢ ગામ નજીક પણ એક શ્વાને બાળક પર હુમલો કર્યો હતો. શ્વાન બાળકને દબોચીને ઢસડી રહ્યો હતો. ત્યારે પિતાએ દોડીને બાળકને દોડીને બચાવ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. વધતી જતી આવી ઘટનાઓથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે. રસ્તા અને ઘર આગળ ભટકતા શ્વાનોના કારણે નાના બાળકો અને મહિલાઓની સુરક્ષા જોખમમાં છે. લોકોએ તંત્ર પાસે આવા ખૂંખાર શ્વાનોને પકડીને દૂર ખસેડવાની માંગ કરી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૫૦ | ૧૦૩૦ |
| ૨ | શિંગ મોટી | ૬૦૦ | ૧૧૮૬ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૦૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૨૦૦ | ૧૨૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૬૦ | ૨૨૪૦ |
| ૬ | તલ કાળા | ૨૫૪૦ | ૪૩૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૮૫૦ | ૨૨૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૭૮ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૭ | ૫૮૨ |
| ૧૦ | મગ | ૧૪૦૦ | ૧૪૯૦ |
| ૧૧ | અડદ | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ૧૨ | ચણા | ૧૦૦૫ | ૧૧૬૯ |
| ૧૩ | સફેદ ચણા | ૧૧૫૩ | ૧૧૬૯ |
| ૧૪ | તુવેર | ૯૧૫ | ૧૦૧૫ |
| ૧૫ | વાલ | ૪૫૦ | ૯૩૦ |
| ૧૬ | કપાસ | ૯૨૮ | ૧૬૫૨ |
| ૧૭ | એરંડા | ૧૧૫૦ | ૧૨૬૫ |
| ૧૮ | જીરૂ | ૩૧૦૦ | ૩૪૦૦ |
| ૧૯ | રાયડો | ૧૧૭૦ | ૧૨૧૨ |
| ૨૦ | ધાણા | ૯૩૫ | ૧૩૦૦ |
| ૨૧ | અજમા | ૧૦૯૫ | ૧૨૦૫ |
| ૨૨ | મેથી | ૭૦૦ | ૮૯૫ |
| ૨૩ | સોયાબીન | ૬૭૫ | ૮૯૮ |
| ૨૪ | રજકાનુ બી | ૪૯૦૦ | ૭૫૦૦ |

### બ્રહ્માકુમારીઝ અને શાંતાબા મેડીકલ કોલેજનાં સહયોગથી

## અમરેલી ખાતે રવિવારે લાયન્સ કલબ (સિટી) દ્વારા મહા રકતદાન શિબિર યોજાશે

### બ્રહ્માકુમારીઝ અનુભૂતિ ભવન, કેરિયા રોડ ખાતે શિબિર યોજાશે

અમરેલી, તા. ૨૧

સમયસર લોહી નહિં મળવાને કારણે અનેક માનવ જીવન અકાળે મુરજાય છે, રકત દાન પ્રવૃતિને ઉજાગર કરવા જનજાગૃતિ આવશ્યક છે, કુદરતી કે માનવર્જીત આફતવેળા લોહીની જરૂરીયાત મોટા પ્રમાણમા રહે છે તેવા સમયે સામાજીક સંસ્થાઓના સહયોગ સાથે ઈન્ટરનેશલ સંસ્થા લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) દ્વારા રાજયોગીની દાદી પ્રકાશમણીજીના ૧૮મી પુણ્ય સ્મૃતિ (વિશ્વ બંધુત્વ) દિવસની ઉપલક્ષમાં ''રાષ્ટ્રિય રકતદાન–મહાદાન'' શિબિરનું આયોજન તા.૨૪/૮/૨૫, રવિવારના રોજ સવારના ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરના ૩:૦૦ થી ૬:૦૦ સુધી બ્રહમાકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન, ગ્રીનપાર્ક સોસાયટી, કેરીયા રોડ, અમરેલી ખાતે કરવામા આવે છે જેમા એક બુંદ રકત અનંત આર્શિવાદ સેવાકાર્યમા સામેલ થવા જણાવાયેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સમગ્ર જીલ્લાના વિવિધ મથકો પર લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) દ્વારા નેત્રચિકિત્સા કેમ્પોનું આયોજન શરૂ છે તેવા સમયે રકતદાન પ્રવૃતિને વેગ આપવાના કાર્યમા લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી)ના ''રાષ્ટ્રિય રકતદાન – મહાદાન'' શિબીરમા બહોળા પ્રમાણમા રકતદાન માટે ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની સગીરા સાથે

સપનાઓ બતાવી, ગત તા. ૮/૧૦/૨૧ના રોજ આરોપી અમરેલી શહેરમાં આવી ભોગ બનનારને પોતાની સ્કુલે નહી જવા દઈ અવાર નવાર મળવા લઈ જઈ અને ભોગ બનનાર સગીર વયની હોવાની જાણકારી હોવા છતાં પણ તેણી સાથે શારીરીક અડપલાઓ કરેલ હતા. બાદમાં તરૂણીને લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી, આરોપી પોતાના ધારી ખાતે આવેલ રહેણાંક કામને લઈ જઈ, ભોગ બનનાર સગીર વયની અને લગ્ન લાયક ઉંમર નહી ધરાવતી હોવાનું જાણવા છતા ભોગ બનનાર સાથે ભગવાનની સાક્ષીએ માથામા સિંદુર પુરી લગ્ન કરી ગાંધવ વિવાહ કરી ગુનો કરેલ હતો આ જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આવા અંગેનો કેસ અમરેલીની સ્પે.પોકસો અને ચોથા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલને કોર્ટે માન્ય રાખી આરોપી હરેશ ઉર્ફે હર્ષદભાઈ બાબુભાઈ ગાયકવાડને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬ના ગુનામાં ૫ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦ નો દંડ અને કલમ–૩૫૪, ૩૫૪(એ) તથા પોકસો એકટની કલમ ૧૨, ૧૮ મુજબ ગુનામાં ૫ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦ નો દંડ અને બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ની કલમ – ૯ મુજબના ગુનામાં ૨ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૨,૦૦૦ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી શહેરની દુર્દશા

નવો બનાવવામાં આવી રહ્યો છે જેમાં સુરક્ષાનાં નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો થઈ રહ્યો છે. કઈ એજન્સી કામ કરે છે તેની કોઈને ખબર નથી.

લાઠી માર્ગ હજુ બન્યો તો તેમાં તિરાડો પણ જોવા મળી રહી છે. અવારનવાર ફરિયાદ ઉભી થઈ રહી છે. માર્ગ–મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને મોબાઈલ ધ્વારા સઘળી હકીકતો જણાવવામાં આવે છતાં પણ તેઓ વાતાનુકુલિન કચેરીમાંથી બહાર આવીને સ્થળ નીરિક્ષણ કરીને સમસ્યાનું નિરાકરણ કરી શકતા નથી.

શહેરીજનોમાં અપાર ધીરજ શકિત હોવાનો ભરપુર લાભ પાલિકા અને માર્ગ–મકાન વિભાગ લઈ રહ્યો છે અને જનપ્રતિનિધિઓને જ્ઞાતિ, જાતિનાં આધારે મત મળતાં હોવાથી તેઓને પણ શહેરની સમસ્યા દૂર કરવાની કોઈ જરૂર લાગતી હોય તેવું જોવા મળતું નથી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૨ | મગફળી | ૮૮૦ | ૮૮૦ |
| ૩ | ચણા | ૯૪૦ | ૯૪૦ |
| ૪ | ઘઉં | ૫૩૭ | ૫૩૭ |
| ૫ | તુવેર | ૧૦૦૫ | ૧૦૬૦ |
| ૬ | સોયાબીન | ૮૧૫ | ૮૩૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૫૦ | ૧૦૩૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૫૪ |
| ૩ | તલ કાળા | ૩૪૫૦ | ૪૨૦૯ |
| ૪ | જીરૂ | ૩૫૦૦ | ૩૫૬૬ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૫૭૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૪૫ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| ૯ | ચણા | ૧૧૦૦ | ૧૧૪૫ |
| ૧૦ | તુવેર | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૧ | ધાણા | ૯૦૦ | – |

### પાના ૮ ઉપરનું ચાલું ઓખા અને નાગેશ્રીનાં ધાર્મિક સ્થાનમાંથી

અને આ બેગ ખોલતા તેમાંથી રૂપિયા ૧૧,૭૦,૦૦૦ રોકડા તથા બે મોબાઈલ મળી આવેલ હતા.

મળી આવેલ બેગના રૂપિયા બાબતે યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા આ રૂપિયા દ્વારકા જીલ્લાના ઓખામંડળ તાલુકાના મુળવેલ ગામે આવેલ એક મોમાઈ માતાજી મંદિરના આશ્રમમાંથી તેમણે ચોરી કરેલ હોવાનું જણાવેલ હતું.જે અંગે રાજુલા પોલીસે ખરાઈ કરતા દ્વારકા જિલ્લા તાલુકાના ઓખા મરીન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૩૦૬ મુજબનો ગુન્હો રજી થયેલ હતો.

આ આરોપીએ આજથી આશરે આઠેક દિવસ પહેલા જાફરાબાદના નાગેશ્રી ગામના પાદર વિસ્તારમાં આવેલ હનુમાનજી દાદાના આશ્રમમાંથી પણ રૂપિયા ૨૦,૦૦૦ની ચોરી કરેલ હતી. જે અંગે નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ખરાઈ કરતા નાગેશ્રી પોલીસ સ્ટેશન બી.એન.એસ. કલમ ૩૦૩(૨) મુજબનો ગુન્હો રજી થયેલ હતો.

આમ ઉપરોકત બન્ને ગુન્હા રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમની સતર્કતાના કારણે ચોરીના ગુન્હાઓના ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી અને ઝડપાયેલ આરોપી પાસેથી ઓખા મરીન પોલીસ સ્ટેશનના ગુન્હાની રોકડ રકમ રૂપિયા ૧૧,૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ ૨ જેની કિંમત રૂપિયા ૩૧,૦૦૦ તથા એક ટુરીસ્ટ બેગ જેની કિંમત રૂપિયા ૧૦૦૦ મળી રૂપિયા ૧૧,૮૨,૦૦૦નો મુદામાલ કબ્જે કરેલ હતો. જયારે નાગેશ્રી પોલીસ સ્ટેશનના ગુન્હાની રોકડ રકમ રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૨,૦૨,૦૦૦નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૮૭ | ૧૬૦૦ |
| ૨ | મગફળી | ૯૯૫ | ૧૦૯૫ |
| ૩ | તલ સફેદ | ૧૪૬૦ | ૧૯૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૪૦ | ૩૩૦૦ |
| ૫ | જીરૂ | ૨૯૯૦ | ૩૫૩૦ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| ૭ | ચણા | ૧૦૩૦ | ૧૧૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૨૫ | ૫૪૯ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૮ |
| ૩ | સોયાબીન | ૮૨૦ | ૮૩૫ |
| ૪ | ધાણા | ૧૨૦૦ | ૧૨૧૦ |
| ૫ | શીંગફાડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૧૬૦ |
| ૭ | તલ સફેદ | ૧૩૯૦ | ૧૮૦૦ |
| ૮ | મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૧૫ | ૧૨૧૦ |
| ૧૦ | મગ | ૧૦૯૦ | ૧૦૯૦ |

### પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદમાં સંપર્ક વિહોણી થયેલ

વિહોણા થયાના સમાચાર સામે આવતાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. પરંતુ મોડેથી બંને બોટ તથા તેમાં રહેલા તમામ ૮ ખલાસીઓ સહીસલામત મળી આવ્યાની માચ્છીમાર અગ્રણી કનૈયાલાલ સોલંકીએ જાણકારી આપી હતી.

આ બનાવમાં મળતી માહિતી મુજબ જાફરાબાદના દરિયામાં ભારે પવનના કારણે અનેક માચ્છીમાર બોટને દરિયામાંથી પરત ફરવા માટે મજબુર બન્યા છે. ત્યારે દરિયામાંથી પરત ફરી રહેલ લક્ષ્મીપ્રસાદ અને ધન્વંતર નામની બે બોટો સંપર્ક વિહોણી થઈ હતી અને તેમાં રહેલા વધુ ૮ ખલાસીઓ સંપર્ક વિહોણા થયાના સમાચાર સામે આવતાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. પરંતુ મોડેથી બંને આ બોટનો સંપર્ક થઈ જતાં અને આ બોટમાં આ તમામ ૮ ખલાસીઓ સહીસલામત મળી આવ્યાની માચ્છીમાર અગ્રણી કનૈયાલાલ સોલંકીએ જાણકારી આપી હતી. જયારે એક બોટ દરિયામાં નજરે પડતા તે બોટ દ્વારા અન્ય ૬ જેટલી બોટ દ્વારા ખેંચીને તે બોટને દરિયા કાંઠે લાવવાના પ્રયાસો થઈ રહી છે.

જાફરાબાદ પંથકની ૭૦૦ જેટલી બોટ દરિયામાં માચ્છીમારી કરવા માટે ગયેલ હતી તે પૈકીની મોટાભાગની બોટ દરિયા કાંઠે પરત આવી જવા પામેલ છે. હાલમાં દરિયામાં ગુમ થયેલા ખલાસીઓની ઘનિષ્ઠ રીતે શોધખોળ શરૂ છે.

### પાના ૮ ઉપરનું ચાલું ચેક રીટર્ન કેસમાં રાજકોટમાં નિર્દોષ છુટકારો

ખાતાનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ખાંભા શાખાનો રકમ રૂા. ૨,૪૭,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ સુડતાલીસ હજાર પુરાનો ચેક લખી અને ફરીયાદીને ચેક આપતા સમયે વચન, વિશ્વાસ આપેલ કે ચેક બેંકમાં રજુ કરવાથી ચેક મુજબની રકમ મળી જશે, જેથી ફરીયાદીએ આરોપીના ભરોસે ચેક સ્વીકારેલ અને ચેક તેમની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, રાજકોટ શાખામાં વસુલ થવા રજુ કરતા ચેક ''ફંડ ઈનશફીશ્યન્ટ''ના કારણસર વગર વસુલે પરત ફરેલ જેથી ફરીયાદીને પોતાની સાથે વિશ્વાસઘાત થયેલ હોય તેવી શંકા ઉપજેલ, જેથી આરોપીનો સંપર્ક કરતા, આરોપીએ યોગ્ય જવાબ આપેલ નહી અને ફરીયાદીને મળવાનુ ટાળેલ જેથી આરોપીને ચેક રીટર્ન થયાની જાણ હોવા છતા ઈરાદા પુર્વક રૂબરૂ મળતા ના હોય, લેણી રકમ ઓળવી જવાનો ઈરાદો હોય તેવુ લાગતા કાયદાની જોગવાઈ મુજબ આરોપીને લીગલ નોટીસ મોકલેલ, જે નોટીસ મળી જવા છતા આરોપીએ ચેક મુજબની કોઈ રકમ નહી ચુકવેલ કે કોઈ જવાબ નહી આપેલ જેથી આરોપી સામે ધી નેગોશ્યેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફોજદારી ફરીયાદ રાજકોટ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ, ફરીયાદ દાખલ થયા બાદ આરોપીને સમન્સ મળતા આરોપી તેમના વકીલ કીરણભાઈ રૂપારેલીયા સાથે કોર્ટમાં હાજર રહેલ અને ગુન્હો કબુલ નથી કેસ આગળ ચલાવવા માગીએ છીએ તેવી હકીકત પ્લી રેકોર્ડ કરતા સમયે જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ, ફરીયાદ ચાલતા દરમ્યાન ફરિયાદીની લંબાણ પુર્વક ઉલટ તપાસ આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલ તેમજ આરોપી તરફે આરોપીએ પોતાના ભાઈને સાહેદ તરીકે તેમજ ફરીયાદીના પતિના બેંકના મેનેજરને બચાવના સાહેદ તરીકે તપાસેલ, અને જુદા જુદા કુલ સાત દસ્તાવેજ રજુ કરવામાં આવેલ, આરોપીએ રજુ રાખેલ સાહેદો અને રજુ રાખેલ દસ્તાવેજોથી અને ફરીયાદીની ઉલટ તપાસથી આરોપી પક્ષ ફરીયાદીના કેસને નીષ્ફળ કરવામાં સફળ થયેલ હોય તેવુ કોર્ટએ માનેલ અને આરોપી પક્ષ તરફથી ફરીયાદીની વિસ્તૃત રીતે કરવામાં આવેલ ઉ.ત.થી ફરીયાદીની વિરોધાભાષી હકીકત જણાવતા હોવાનુ રેકર્ડ પર આવેલ અને ફરીયાદીને કયારેય કોઈ ચેક આપેલ નથી તેવો બચાવ આરોપીએ પોતાના પુરાવા અને ફરીયાદીની ઉ.ત.થી સાબીત કરેલ હોવાનુ માનેલ અને ફકત ચેકમાં સહી કરી આપવાથી ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ હોય તેવુ અનુમાન ન થાય ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ હોય તે પુરાવાર કરવાની જવાબદારી ફરીયાદીની છે, તેવુ ઠરાવી ફરીયાદીને કયારેય કોઈ ચેક આપેલ ના હોવાનુ આરોપીએ સાબીત કરેલ છે, અને ફરીયાદી ''પેઈ'' વ્યાખ્યામાં જ પડતા ના હોય તેવુ માની અને આધાર હીન્ન પુરાવા અને ખોટી હકીકતોના આધારે કોઈ પણ વ્યકિતને ગુન્હામાં દોષીત ઠરાવી ના શકાય તે સીધ્ધાંત ધ્યાને લઈ આરોપી ગીતેષભાઈ ભટ્ટને ધી નેગોશ્યેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫ (૧) અન્વયે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે, સદરહુ કેસમાં આરોપી વતી વકીલ રાજકોટ વિધવાન ધારાશાસ્ત્રી કિરણભાઈ રૂપારેલીયા, અજય એન. ચાંપાનેરી, નિરલ રૂપારેલીયા, કૌશીક સોઢા અને મનોજ સોલંકી રોકાયેલ હતા.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૦૬૧ |
| ૩ | તલ કાળા | ૨૮૦૧ | ૪૧૦૦ |
| ૪ | કપાસ | ૧૪૯૧ | ૧૫૫૧ |
| ૫ | બાજરો | ૩૬૦ | ૪૭૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૧ |
| ૭ | જુવાર | ૩૩૧ | ૮૭૧ |
| ૮ | મગ | ૧૪૩૧ | ૧૪૩૧ |
| ૯ | તુવેર | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ૧૦ | ચણા | ૯૩૪ | ૧૧૨૭ |
| ૧૧ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |

# અમરેલી જિલ્લા જેલમાં બંદીવાન સાથે રક્ષાબંધનની ઉજવણી





પ્રિઝન ઈન્ટરવેશન પોગ્રામ GSNP+ ADNP+ અને સમગ્ર પોર્જેકટના ICTC અમરેલી સહયોગથી અમરેલી જીલ્લા જેલમાં રહેલા બંદીવાનો માટે રક્ષાબંધનનું વિશેષ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ અંતર્ગત બંદીવાન ભાઈઓ તેમજ જેલસ્ટાફને રાખડી બાંધી મીઠું મોઢું કરાવવામાં આવ્યું અને તહેવારની પરંપરાનું પાલન કરીને ભાવનાત્મક રીતે સમૃદ્ધ વાતાવરણ સર્જાયું. જેલ ભવનની મંજૂરી અને જીલ્લા જેલના ઈન્ચાર્જ અધિક્ષક અર્જુનસિંહ પરમારના સક્રિય માર્ગદર્શન તથા જેલ સ્ટાફના ઉત્સાહપૂર્ણ સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. GSNP+ વર્ષ ૨૦૦૬થી HIV પોઝિટિવ લોકોને પોઝિટિવ જીવનશૈલી તરફ દોરવા માટે કટિબદ્ધ છે. તે ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટીના સહયોગથી ૨૦૨૧થી Prison Interventaion Projectના માધ્યમથી વિવિધ જેલોમાં રહેતા બંદીવાનો માટે હેલ્થ સ્ક્રિનિંગ, એવેરનેસ કાર્યક્રમો તેમજ વિશેષ તહેવાર ઉજવણીઓનું આયોજન કરે છે. આજના કાર્યક્રમમાં Prison Interventaion Project Coordinator સૂરજ કે. કાનાણી, ICTC રેખાબેન ધડુક ICTC લેબ ટેકનીકેશન પ્રગનાબેન રૈયાણી ADNP+ બોર્ડ મેમ્બર ૧. મીનાબેન સોલંકી કારોબારી સભ્ય કૈલાશબેન ગોહિલ વર્ષાબેન વામજા હેતલબેન હેલૈયા+ મંત્રી DTC સ્ટાફ વિજયભાઈ સખીવનસ્ટોપ સેન્ટર ખાતેથી રત્નાબેન ગોસ્વામી જેલના અધિક્ષક તથા સમગ્ર સ્ટાફ હાજર રહ્યા હતા. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા જેલમાં રહેલા બંદીવાન ભાઈઓને સંવેદનશીલતા, પરિવારજનોથી જોડાણ અને પોઝિટિવ દ્રષ્ટિકોણ પ્રદાન થતો હોય.

## પર્યુષણ આપણને શીખવે છે કે દરેક જીવમાં આત્મા છે અને સૌને જીવતા રહેવાનો અધિકાર છે

અમરેલી, તા. ૨૧




પર્યુષણ જૈન સમાજનો સર્વોચ્ચ પર્વ છે, જે આત્મશુદ્ધિ, અહિંસા અને કઠણાના માર્ગે લઈ જાય છે. આ ૮ દિવસ અથવા ૧૦ દિવસ દરમિયાન જૈન ભકતો ઉપવાસ, પ્રાર્થના, પાઠ, સ્વાધ્યાય અને ક્ષમા-યાચના કરે છે. ભારતમાં અંદાજે ૧૬,૦૦૦થી વધુ જૈન સાધુ-સાધ્વીઓ છે, જેમાં મોટાભાગે સાધ્વીઓ છે. તેઓ જીવનભર અહિંસા, અપાર દયા અને સ્વાનુશાસનના માર્ગે ચાલે છે. પારાયણશાળાનો પવિત્ર સમયગાળો આપણને ભકિતના ઉચ્છવાસ, આત્મ-ચિંતન અને અહિંસાના સિદ્ધાંતોની શીખ આપે છે. જિવદયા એટલે જીવમાત્ર પ્રત્યે દયા, ભલે તે મનુષ્ય હોય કે પ્રાણી, પક્ષી કે જળચર. પર્યુષણ દરમ્યાન, પક્ષીઓને પાણી અને દાણા મૂકવા, ગૌશાળાઓમાં ચારો આપવો આ બધું એક સત્ય સાધના છે, જે માત્ર પુણ્ય જ નથી પણ માનવતાની પદવી છે. આ પ્રવૃત્તિ જાળમાં જિવદયા, એટલે કે બધા પ્રાણીઓની માટે કરૂણા અને સમજનો સંદેશ, મહવપૂર્ણ બની ઊઠે છે. આપણી આસપાસ આપણે જોઈએ તો આજે લાખો-કરોડો પશુપક્ષીઓ અકાળે મૃત્યુ પામી રહ્યાં છે. આ પશુપક્ષીઓનો ઉપયોગ વિદેશીઓના પેટ ભરવા માટે થઈ રહ્યો છે. આ પશુપક્ષીઓના કતલથી માંસાહાર વેચીને નાણાં કમાવવાનો ઉદ્યમ મોટા પાયે વિકસ્યો છે. આ ક્રૂરતા તરત બંધ થાય એ જોવાની ફરજ આપણી છે. એના માટે તમામ જૈનોએ જાગૃત થઈને નક્કર કાર્ય કરવું જોઈએ. આ માટે સરકારને સમજાવવું જોઈએ. એવું થાય ત્યારે સમજવું કે સાચી પર્યુષણ આરાધના થઈ શકી. એકતાની શકિત અને ધર્મની રાહ આપણને આ દિશામાં આગળ આવવા સતત પ્રેરે છે. જૈનોએ સદીઓથી અહિંસાના સિદ્ધાંતને અનુસર્યો છે. વિઆખું એ વાતની સાક્ષી પૂરે છે કે જીવવાની સાચી રીત અને તમામ જીવો માટે કરૂણા દર્શાવવાના મામલે જૈનો શ્રેષ્ઠ છે. એનો ખરો ઉપયોગ ત્યારે જ થઈ શકશે જયારે આપણે માત્ર જીવવા માટે નહીં પણ સહુને જીવતા રાખવા માટે પણ કર્તવ્ય કરીએ. આપણાં અસંખ્ય શહેરોમાં પરિસ્થિતિ ચિંતાજનક છે. સાધનોના અભાવે, આવકના અભાવે ગ્રામજનો તેમના અબોલ જીવોની સારસંભાળ લઈ શકતાં નથી. તેમની મદદ કરવાનો ધર્મ આપણે નિભાવી શકીએ. દરેક શહેરના અબોલ જીવો માટે આપણે ભોજન-પાણીની વ્યવસ્થા કરવામાં યોગદાન આપીએ. તેમને પીવા માટે પાણી મળે એ માટે ગામેગામ વરસાદી જળનો સંગ્રહ થવો જોઈએ. કોઈ પણ ગામ કે શહેર માંથી એકપણ પશુપક્ષી કતલખાને જાય નહીં એ દિશામાં આગળ આવીને થઈ શકશે. આપણે ચારાપાણી જેવી પાયાની જરૂરિયાતોની વ્યવસ્થા કરવાની છે. એ પછી કોઈ ગ્રામજન એવું નહીં ઈચ્છે કે એનાં પશુપક્ષી કતલખાને પહોંચી જાય અથવા રઝળતાં મૂકી દેવાય. આ અબોલ જીવો કુદરતની ગોઠવણનો એક અવિભાજય હિસ્સો પણ છે. પશુઓના છાણ તથા મૂત્રથી માંડીને અનેક પદાર્થો ખુબજ ઉપયોગી છે. આપણા પૂર્વજોએ આ દ્રવ્યોનો અસરકારક ઉપયોગ કરીને પ્રગતિ સાધી હતી, અને ગ્રામ્ય જીવન વ્યવસ્થાને ઉત્કૃષ્ટ બનાવી હતી. ટેક્નોલોજી અને ભૌતિક પ્રગતિ પાછળ આપણે આંધળી દોટ મૂકીને એ વાતોને તડકે મૂકી દીધી એમાં વાંક આપણો. અબોલ જીવો થકી મળતા આ દ્રવ્યોનો ઉપયોગ વિવિધ ઉત્પાદનો માટે તથા નૈસર્ગિક ખેતી માટે થઈ શકે છે. અબોલ જીવો થકી જે છાણ ઉપલબ્ધ થાય તેમાંથી જે નૈસર્ગિક ખાતર બને એ આસપાસનાં ખેતરોમાં વહેંચવામાં આવવું જોઈએ. એનાથી ઓર્ગેનિક ફાર્મિંગને પ્રોત્સાહન મળશે. પ્રાકૃતિક ખેતી થકી પાક પણ સારા લણી શકાશે. તેનાથી લોકોનાં સ્વાસ્થ્ય પણ સુધરશે.

**- મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## ખાંભાના સાધુ સમાજનાં અગ્રણી ચંદ્રકાંતભાઈ હરિયાણીનું દુઃખદ અવસાન

ખાંભા, તા.૨૧

ખાંભાના સાધુ સમાજના અગ્રણી અને દરેક સમાજ સાથે સંકળાયેલા આગેવાન અને દરેક સમાજના દુઃખના ભાગીદાર થનાર અને સરળ સભાવના અને દરેક સમાજને સાથે રાખીને સાલનારા વેપારી એસોસિયનના પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણીના નાનાભાઈ સ્વ.ચંદ્રકાંતભાઈ મનોહરદાસજી હરિયાણીનું તા. ૨૦/૮/૨૫ નું દુઃખ જ અવસાન થતાં ખાંભા શહેરમાં શોકનું મોજું ફરી વળયું હતું અને ગ્રામજનોએ પુષ્પાંજલિ આપી અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને આ દિવ્યઆત્માને ભગવાન શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

હરિયાણી પરીવાર ઉપર જે દુઃખ આવી પડું તે દુઃખ ભગવાન સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુના સરણોમાં પ્રાથના.

## પર્યુષણ પર્વ નિમિતે સાવરકુંડલા ખાતે જ્ઞાતિજનોના સહકારથી વણિક સમાજ દ્વારા સંઘ જમણ

**સતત સાત દિવસ સુધી સંઘ જમણ યોજાશે**

સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા ખાતે વિશાશ્રી વણિક જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે સતત સાત દિવસ સુધી સંઘ જમણનું આયોજન કરવાનું નિર્ણય કરવામાં આવ્યો છે. જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલાના શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢી દ્વારા સંચાલિત વિશા વણિક જૈન સમાજમાં વર્ષ દરમિયાન સંઘ જમણના સાઈઠ જેટલા આયોજન કરવામાં આવે છે. આ બધા સંઘ જમણ જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા ભૂતકાળમાં સંઘ જમણ નિમિત્તે મોટી રકમ શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢીમાં જમા કરાવેલી છે. જેના વ્યાજમાંથી જ જે તે દાતાઓની નક્કી કરેલી તિથિએ આવું સંઘ જમણ છેલ્લા ૩૫ વર્ષથી યોજવામાં આવે છે. પરંતુ કોઈ પણ કારણસર એકાદ વર્ષથી આવા તીથી નિમિતે યોજાતા સંઘ જમણ સમાજના ટ્રસ્ટીઓ દ્વારા બંધ કરી દેવામાં આવ્યા છે. ત્યારે ચાલુ વર્ષે પર્યુષણ પર્વ નિમિત્તે જ્ઞાતીજનો સહકારથી સંઘ જમણ યોજવાની પરવાનગી લેવા માટે જ્ઞાતિજનો શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢીમાં જતા ત્યાં સાવરકુંડલામા રહેતા ચાર ટ્રસ્ટી ઓ પૈકી એક પણ ટ્રસ્ટી હાજર નહિ રહેતા જ્ઞાતિના આગેવાનો એ શેઠ ધર્મદાસ શાંતિદાસ પેઢીના મુંબઈ વસતા પ્રમુખ પાસેથી સંઘ જમણ માટેની ટેલીફોનીક મંજૂરી મેળવી હતી. છેલ્લા એકાદ વર્ષથી શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢીમાં જવાબદારી સંભાળતા ૧૫ જેટલા ટ્રસ્ટીઓ પૈકી નાણાકીય વહીવટ સંભાળતા ચાર ટ્રસ્ટીઓ કોઈપણ કારણસર બેન્કના ચેકમાં સહિ કરતા ન હોય સંઘ જમણ માટેના અનામત ફંડ માંથી રકમ નહિ મળતા એકાદ વર્ષથી આવા સંઘ જમણ બંધ થઈ ગયા છે. ત્યારે હાલ ચાલી રહેલા પર્યુષણ મહાપર્વમાં સાતે સાત દિવસ સંઘજમણ થાય અને બધા જ્ઞાતિજનો સાથે બેસીને પારિવારિક ભાવનાથી સંઘજમણનો લાભ લે તેવા હેતુથી સાવરકુંડલા શહેરમાં વસતા જૈન વાણીક સમાજના શ્રેષ્ટીઓએ એક ઉમદા નિર્ણય કરી અને શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢીમાંથી સંઘ જમણનાં અનામત ફંડ માંથી રકમ નહી મળતા શહેરમાં વસતા જ્ઞાતિજનોએ સ્વયં તે ખર્ચો ભોગવવાની તૈયારી બતાવી બુધવાર તારીખ ૨૦/૮ થી સતત સાત દિવસ સુધી સંઘ જમણ યોજાઈ રહ્યુ છે. આમ સાવરકુંડલા વસતા જૈન સમાજના શ્રેષ્ટીઓએ ધર્મદાસ શાંતિદાસની પેઢી કે અન્યત્ર વસતા જ્ઞાતિજનોના સાથ સહકાર વગર જ સાવરકુંડલાના જ્ઞાતિજનોના સહકારથી જ સતત સાત દિવસ સુધી સંઘજમણનું આયોજન કર્યું છે. અત્રે નોંધનીય છે કે તિથિ નિમિત્તે સંઘ જમણ માટે વર્ષો પહેલાં આપેલ અનામત ફંડ માંથી યોજાતા સંઘ જમણ બંધ થઈ ગયા હોય. આવી અનામત અર્પણ કરનારા સાઈઠ જેટલા દાતા પરિવારની સમાજના નિમાયેલા આગેવાનો પ્રત્યે નારાજગી જોવા મળી રહી છે.

## ધારાસભ્ય મહેશ કસવાલાનાં અધ્યક્ષ સ્થાને સાવરકુંડલા ખાતે પાલિકાનાં વિકાસનાં કામોની રીવ્યું બેઠક ''અટલધારા'' કાર્યાલય ખાતે મળી

**૧૪ મોટા પ્રોજેક્ટસની સમીક્ષા કરવામાં આવી**

સાવરકુંડલા, તા. ૨૧




સાવરકુંડલા- લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સાવરકુંડલા -લીલીયા વિધાનસભામાં સતત સરકાર માંથી કરોડો રૂપિયાની ગ્રાન્ટો લાવ્યા છે. જેમાં સાવરકુંડલા નગરપાલિકાવિસ્તારમાં મુખ્યવિકાસના કામો જેવાકે ગુજરાત સરકાર માંથી આશરે ૧૫૦૦ કરોડ જેવી ગ્રાન્ટો લાવેલ છે. જેમાં રીવરફ્ન્ટ ,રેસ્ટ હાઉસ , અમૂર્ત સરોવર, સ્પોટર્સ સંકુલ, શહેરના મુખ્ય માર્ગો -આઈકોનિક રોડ ગટરના કામો ,ઓડીટોરીયમ હોલ,સરકારી હોસ્પિટલ, ફલાઈલ ઓવરબ્રીજના આવા સાવરકુંડલા શહેરની અંદર ૧૪ કામો તેમજ ૨૦૦ રોડની અને હાથસણી શેલ દેદુમલથી ૭.૫ કિલોમીટર દુરથી આવતી લાઈન જેવા વિકાસ કામોમા બજાર વચ્ચેના કામમાં ઝડપ લાવવા અને વેપારીઓ અને સ્થાનિકો ને કોઈ અડચણ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા અધિકારીને સુચના આપવામા આવી હતી.

આ તકે નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી , ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ સિહ રાઠોડ, મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, મોહિતભાઈ સુદાણી, કન્સલ્ટીગ અધિકરી હેમાંશુભાઈ ધાનાણી, આર એન બી વિભાગના અધિકારી રાઠોડ, વિવિધ વિભાગના નગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલાની કાણકીયા કોલેજ ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૧




કાણકીયા કોલેજ ખાતે 'મેગાથેલેસેમિયા ટેસ્ટ કેમ્પ' અને 'મહારક્તદાન કેમ્પ' તથા ડોકટર વડેરાની રક્તતુલા જેવા અભૂતપૂર્વ ત્રિવિધ કાર્યક્રમો યોજાયા.

આ રકતદાન કેમ્પમાં ૧૭૦થી વધુ રકતદાતાએ રકતદાન કરેલ. કાણકીયા કોલેજની આશરે ૩૦૦ વિદ્યાર્થી ભાઈઓ બહેનો તથા ઘેલાણી મહિલા કોલેજની ૧૦૦ જેટલી બહેનોએ થેલેસેમિયા ટેસ્ટ કરાવેલ. હોમગાર્ડ કમાન્ડર નાગરિક બેંક ચેરમેન પ્રવિણભાઈ સાવજ ૧૦૯ મી વખત રકતદાન કર્યુ. જેની નોંધ આ સમારંભમાં લેવામાં આવી.

નોંધનીય બાબત એ રહી કે ડો. વડેરાની સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈને ભાજપ, કોંગ્રેસ, વેપારી આલમ, તેમજ સામાજિક કાર્યકરો તેમજ અમરેલીથી રઘુવંશી અગ્રણી એ. ડી. રૂપારેલ સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી. સમારંભને એક ઐતિહાસિક ઉંચાઈ આપી. નૂતન કેળવણી મંડળ સંચાલિત સાવરકુંડલા સ્થિત વી.ડી. કાણકીયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે ત્રિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયેલ.

કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે 'મેગાથેલેસેમિયા ટેસ્ટ કેમ્પ' અને સાવરકુંડલાને વર્ષો સુધી મેડિકલ ક્ષેત્રે સેવા આપનાર તેમજ અનેકવિધ સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે પોતાની સેવાઓ આપનાર એવા ડો. જે. બી. વડેરાના ધર્મપત્ની સ્વ. ઉમાબેનના સ્મરણાર્થે તથા ડો. વડેરાની રક્તતુલાના હેતુથી 'મહારક્દાન કેમ્પ'નું આયોજન થયું હતું. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહ કાણકીયા કોલેજના સભાખંડ ખાતે યોજાયો હતો. જેમાં લીલીયા-સાવરકુંડલા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ડે. કલેકટર જીલભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, ચંદ્રેશભાઈ રવાણી વિગેરે આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

## અમરેલી : સ્વસહાય જુથનાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓનું યોજાશે પ્રદર્શન સહ વેચાણ

**ફોરવર્ડ હાઈસ્કૂલનાં મેદાનમાં યોજાશે પ્રદર્શન**

અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે આગામી તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫થી તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન પ્રાદેશિક સરસ મેળો યોજાશે. અમરેલી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાન ખાતે તા.૧૯/૯/૨૦૨૫ના રોજ સવારે ૧૧ કલાકથી આ મેળાનો પ્રારંભ થશે. પ્રાદેશિક સરસ મેળામાં સ્વસહાય જૂથો અને સખી મંડળ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ થશે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સ્વસહાય જૂથો અને સખી મંડળનો કૌશલ્ય તાલીમ દ્વારા આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાણ કરવામાં આવે છે. ઉત્પાદકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સ્વસહાય જૂથ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના પ્રદર્શન સહ વેચાણની તક આ મેળામાં મળશે. વધુમાં વધુ નાગરિકોને આ મેળાનો લાભ લેવા અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સિનિયર જનરલ મેનેજર અને નિયામક એ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# અમરેલી : મોંઘીબા મહિલા કોલેજ ખાતે ચતુર્થ ભીતપત્રિકાનું અનાવરણ કરવામાં આવ્યું





અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે તા.૧૧/૮/૨૦૨૫ના રોજ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી.વેલિયતના માર્ગદર્શન હેઠળ શ્રીમતી એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલ, અમરેલીના અંગ્રેજી શિક્ષક કવિ-લેખક કેતનભાઈ જોષીના વરદ હસ્તે ચતુર્થ ભીંતપત્રિકાનું અનાવરણ કરવામાં આવ્યું. આ ચતુર્થ ભીંતપત્રિકાનું આયોજન ઈન્ચાર્જ પ્રિ.ડો.જી.વી.વેલિયતના પ્રેરક માર્ગદર્શન હેઠળ મોંઘીબા કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા.જૈમિન જોષી તથા સહ અધ્યાપક પ્રા. ભૂષણ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાતીના પ્રા.શોભનાબેન ભેસાણીયાનું પણ યોગદાન રહ્યું હતું. કોલેજની વિદ્યાર્થિની નિરાલી મહેતાએ આર્ટીસ્ટીક સ્કેચ-"The Bard of Avon - Shakespeare" તૈયાર કર્યો હતો તથા તિથિ ઠાકર, પ્રાંજલ મહેતા, સીમા સૈયદ અને મોનિકા પરમારે આ ભીંતપિત્રકા તૈયાર કરવામાં યોગદાન આપ્યું હતું. કોલેજના તમામ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થિનીઓની ઉપસ્થિતિમાં આ ચતુર્થ ભીંતપત્રિકાને વિદ્યાર્થિનીઓના હિતાર્થે વાંચન માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. હિન્દી વિભાગના પ્રા. ડો. અરવિંદ ઉપાધ્યાય દ્વારા શરૂ કરવામાં આવેલ ભીંતપત્રિકાના વિચારને આ ચતુર્થ ભીંતપત્રિકાનું અનાવરણ કરીને વેગ આપવામાં આવ્યો હતો.

રાજકોટના મગજ અને જ્ઞાનતંતુના રોગોના નિષ્ણાંત, નસ તથા સ્નાયુના રોગોના એકસપર્ટ
તારીખ : ૨૨/૦૮/૨૦૨૫ ( દર મહિનાના ચોથા શુક્રવારે )
સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. હિરલ હાલાણી શેઠ
MD, DM Neurology (Gold Medalist), DrNB
Fellowship In Neuromuscular Disorders
24/7 Emergency Services
હવે... બદલાશે સારવારની પરીભાષા
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯

### વિશ્વનાં ૨૦ દેશોનાં પ્રતિનિધિઓ અને આમંત્રિતો સમક્ષ

# અમરેલીનાં તેજસ્વી યુવા હર્ષ સંઘાણીએ ભારતીય યુવા શકિતનો ગૌરવશાળી દ્રષ્ટિકોણ રજુ કર્યો

**હવામાન, આર્થિક વૃધ્ધિ, રોજગાર, ડિજિટલ ઈનોવેશન, શિક્ષણ, સામાજીક ન્યાય-યુવા એકતા, યુવા મેનેજમેન્ટ, આર્ટિફીશીયલ ઈન્ટેલિજન્સ, બહુપક્ષિય વ્યવસ્થા અંગે અસરકારક પ્રવચન**




અમરેલી, તા. ૨૧

ભારતની યુવા શકિતની ઈચ્છાશકિતનો પરિચય વિશ્વમંચ પર મૂકવાની અલૌકીક ક્ષણ આઈ.સી.એ. યુથ કમિટીના અધ્યક્ષપદે મૂકીને દેશના યુવાનોનું ગૌરવ હર્ષ મુકેશભાઈ સંઘાણીએ દક્ષિણ આફ્રીકા ખાતે યોજાએલ યુથ-૨૦ સમીટના વિશ્વ મંચ પર મુકેલ છે.

દક્ષિણ આફ્રીકા ખાતે યોજાએલ જી-૨૦ ગ્રૃપ ઓફ ટવેન્ટીની અધ્યક્ષતા સંભાળી છે જે સમીટમાં વિશ્વના અગ્રણી ૨૦ દેશોના યુવા પ્રતિનિધીઓ અને વિશેષ આમંત્રિત દેશોના યુવાનો આ સમીટમાં જોડાયા હતા. હર્ષ સંઘાણીએ પોતાના ઉદબોધનમાં વિશ્વ મંચ ઉપરથી ભારતના યુવાનો માટેની ગૌરવ ક્ષણ સાથે હવામાન, આર્થીક વૃધ્ધિ, રોજગાર, ડીજીટલ ઈનોવેશન, શિક્ષણ, સામાજીક ન્યાય-યુવા એકતા, યુવા મેનેજમેંન્ટ, આર્ટિફીશીયલ ઈન્ટેલિજન્સ, બહુપક્ષિય વ્યવસ્થા અંગે અસરકારક પ્રવચન આપેલ હતુ. આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાએલ યુથ-૨૦ સમીટ ભારતીય યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત બની રહી તેમ અખબારી યાદીના અંતમાં જણાવેલ છે.

### ધોળે દિ'એ અજાણ્યા ઈસમનુ કારસ્તાન

# નાગેશ્રીનાં હનુમાન મંદિરનાં પુજારીનાં ખિસ્સામાંથી રૂપિયા ૨૦ હજારની ઉઠાંતરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**


અમરેલી, તા. ૨૧

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે પાદર વિસ્તારમાં આવેલ ભુરખીયા હનુમાન મંદિર આશ્રમમાં રહેતા રાજેરગીરી ભોલાગીરી બાપુ, નામના ૫૮ વર્ષિય પુજારી ગત તા.૧૨ રોજ સાંજના આશરે ચારેક વાગ્યાની આસપાસ ભુરીયા હનુમાન મંદિર આશ્રમે આગળના ભાગે ખુલ્લી જગ્યામાં ખાટલા ઉપર રાખેલ બંડીના ખિસ્સામાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમે આવી અને આશરે રોકડા રૂપિયા ૨૦,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

### રાજકોટનાં એડવોકેટ કિરણ રૂપારેલીયાની દલીલો સફળ

# ખાંભા : આશ્રમપરાનાં સીનિયર સિટીઝનનો ચેક રીટર્ન કેસમાં રાજકોટમાં નિર્દોષ છુટકારો

**એડવોકેટ ફરિયાદીની ફરિયાદનુ ખંડન કરવામાં સફળ**



અમરેલી, તા. ૨૧

ખાંભાનાં આશ્રમમાં રહેતા સીનીયર સિટીઝનનો ચેક રીટર્ન કેસમાં નિર્દોષ છુટકારો થયો છે.

આ કેસની હકીકત એવી છે કે, રાજકોટમાં રહેતા ઈલાબેન નરેન્દ્રભાઈ ચાવડાએ ખાંભાનાં આશ્રમ પરાના રહીશ ગીતેશભાઈ ભાટ્ટ સામે એવા મતલબની ફરીયાદ દાખલ કરેલ કે, ફરીયાદી અને આરોપીને કૌટુંબીક મીત્રતાના સબંધ હોય આરોપીને અંગત જરૂરીયાત હોય ફરીયાદી પાસે હાથ ઉછીની રકમ રૂા. ૨,૪૭,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ સુડતાલીસ હજાર પુરાની માગણી કરતા, ફરીયાદીએ સબંધના દાવે તેવી રકમ હાથઉછીની આપેલ, આરોપીએ છ માસ પછી રકમ પરત કરી આપશે તેવો ભરોસો આપેલ અને છ માસનો સમય પુર્ણ થયે ફરીયાદીએ તેમને આપેલ રકમની માગણી કરતા આરોપીએ તેમના

અનુસંધાન પાના ૬ ઉપર

### મેઘરાજાની મહેરબાની યથાવત

# બાબરા પંથકમાં સતત ૩જા દિવસે વરસાદ : ખેડુતો સહિત સૌ ખુશ

**ગળકોટડી, કરિયાણા સહિતનાં ગામોમાં પણ વરસાદ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૨૧

બાબરા પંથકમાં આજે સતત ૩જા દિવસે પણ મેઘ મહેર યથાવત જોવા મળી રહતી અને ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. તો જમીનનાં તળ પણ ઉચા આવવા લાગ્યા છે. શહેર ઉપરાંત, સિરવાણીયા, ગળકોટડી, કરિયાણા સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદનાં વાવડ મળી રહયા છે.

# માચ્છીમારોને શોધવા કોસ્ટગાર્ડનું જહાજ દરિયામાં



જાફરાબાદ પંથકનાં ૧૧ જેટલા માચ્છીમારો ૪૮ કલાકથી લાપતા થતાં કોસ્ટગાર્ડ તેમના જહાજને દરિયામાં ઉતારીને માચ્છીમારોની શોધખોળ આદરી છે.

### સગીરા મામાને ઘરે જતી હોય યુવકે ફસાવી

# અમરેલીની સગીરા સાથે લગ્ન કરવાનાં ગુન્હામાં ધારીનાં યુવકને ૫ વર્ષની સજા

**અમરેલીની સ્પે. પોકસો કોર્ટ દ્વારા ચુકાદો જાહેર**

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં રહેતી એક ૧૬ અને ૪ માસની ઉંમર ધરાવતી તરૂણી તેમના મામાના ધારી ગામે ગયેલ હતી. ત્યારે ધારી ગામે નવી વસાહતમાં રહેતા આરોપી હરેશ ઉર્ફે હર્ષદભાઈ બાબુભાઈ ગાયકવાડ તરૂણીના મામાના ઘર પાસે વારંવાર આંટા ફેરા કરતો અને ભોગ બનનારની સામે વારંવાર જોયા કરતો. તેમજ ભોગ બનનારને 'આય લવ યુ' પણ કહેતો હતો. અને ભોગ બનનારના પાડતી હતી. તેમ છતા આરોપીએ પોતાનો મોબાઈલ નંબર તેણીને આપેલ, હતો. જેમાં આરોપી તેણી સાથે વાતો કરી પોતે સુરત ખાતે રહેતો હોય, અને ભોગ બનનારને ભવિષ્યના સારા સારા

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી રાજુલા પોલીસની કામગીરી

# આખા અને નાગેશ્રીનાં ધાર્મિક સ્થાનમાંથી ચોરી કરનાર આરોપીને દબોચી લેવાયો

**આરોપીનાં કબ્જામાંથી રૂપિયા ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત**



અમરેલી, તા. ૨૧

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.ડી. ચાવડા તથા રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમ રાજુલા ટાઉન વિસ્તારમા પેટ્રોલીંગ હતા તે દરમ્યાન સર્વેલન્સ ટીમને ખાનગી રાહે હકીકત મળેલ કે એક પરપ્રાંતિય ઈસમ પાસે શંકાસ્પદ મોટી રોકડ રકમ હોય અને તે રાજુલા ટાઉનમાં આવેલ યદુનંદન હોટેલ પાસે આવેલ છે. તેથી પોલીસની ટીમે રાજસ્થાનના જોધપુર જિલ્લાના કાનુડીયા પુરોહીત તાન ગામે રહેતા નખતારામ સીમર્થરામ પ્રજાપતી નામના ઈસમની તલાશી લેતાં તેમની પાસેથી એક રૂપિયા ભરેલી બેગ મળી આવેલ હતી

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્ક્રીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૧/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal ICE CREAM
જોઈએ છે
ડ્રાઈવર
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ નીચે મુજબના સરનામે ઓરીજનલ હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)